UGVCL

# આપણું યુજીવીસીએલ

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ

અંક-૬૨, જૂન - જુલાઈ ૨૦૨૧






## ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા "Awards and Achievements" પુસ્તકનું વિમોચન



નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. એસ. રંધાવાનું ભાવભર્યું સ્વાગત



યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો પ્રથમ ગ્રીન ઊર્જા એવોર્ડ ૨૦૨૦



સફળતાના સૂત્રધાર શ્રી આર. બી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેરને ગૌરવભેર વિદાય

# આ અંકમાં


**અંક-૬૨**
**જૂન - જુલાઈ ૨૦૨૧**
**ફક્ત આંતરિક વિતરણ માટે પ્રકાશિત**

**સંરક્ષક**
શ્રી કે. એસ. રંધાવા, આઈએફએસ
મેનેજિંગ ડિરેક્ટર

**સંપાદક**
શ્રી શૈલેશ એ. નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન)

**સંકલન સહાયક**
શ્રી એમ. એચ. પઠાણ, જુનિયર આસિસ્ટન્ટ (કોર્પોરેટ કમ્યુનિકેશન સેલ)

**સંપાદક મંડળ**
શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઇજનેર (ઓપરેશન)
શ્રી વી. એમ. શ્રોફ, મુખ્ય ઇજનેર (પી.)
શ્રી રાજેન્દ્ર જૈન, ઇન્ચાર્જ જનરલ મેનેજર (ફાઇનાન્સ)
શ્રી એન. એમ. જોષી, કંપની સેક્રેટરી
શ્રી એ. સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.)
શ્રી એલ. એ. ગઢવી, વિશેષ મુખ્ય ઇજનેર, પાલનપુર
શ્રી આર. ડી. ઝાલા, વિશેષ મુખ્ય ઇજનેર, સાબરમતી
શ્રી સી. જે. રાજપાલ, અધિક્ષક ઇજનેર, મહેસાણા
શ્રી પી. સી. શાહ, અધિક્ષક ઇજનેર, હિંમતનગર
શ્રી જે. આર. ચૌધરી, અધિક્ષક ઇજનેર (ટેક.)

**પ્રૂફરીડિંગ :** જ્યોત્સનાબહેન રાઠોડ,
સિનિયર આસિસ્ટન્ટ, કોર્પોરેટ ઓફિસ, મહેસાણા.

**પ્રકાશક**
ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ, રજિસ્ટર્ડ અને કોર્પોરેટ ઑફિસ, વિસનગર રોડ, મહેસાણા-૩૮૪ ૦૦૧. www.ugvcl.com

**સંકલન અને સર્જન**
www.aalekhan.com


**પ્રિય વાચકમિત્રો,**

**'આપણું યુજીવીસીએલ'** આપનું પોતાનું સામયિક છે. એમાં જેમ કંપનીને સંબંધિત વિવિધ સમાચારોને સ્થાન આપવામાં આવે છે તેમ આપણા પરિવારના સભ્યોની વિવિધ ક્ષેત્રે પ્રગતિની પણ તેમાં અચૂક નોંધ લેવામાં આવે છે. એટલું જ નહીં, આપણા પરિવારના સભ્યોની વિલક્ષણ પ્રતિભાને બહાર લાવવા માટે, એક સરસ મંચ તરીકે પણ સામયિકને ઉપયોગ કરવાનું અમારું ધ્યેય છે. આપણા જીવનમાં નવી સુગંધ આવે કે વાચકને કોઈ પણ ક્ષેત્રમાં પ્રગતિ માટે પ્રેરણા આપે તેવી કોઈ પણ પ્રકારની કૃતિઓને પણ આ સામાયિકમાં ચોક્કસ સ્થાન આપવામાં આવશે. આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ નીચેના ઇમેઇલ આઇડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com

## આ અંકનાં આકર્ષણો...


**વિદાય** ૦૪
- શ્રી મહેશ સિંઘ ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત............. ૦૪

**નિયુક્ત** ૦૫
- ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે બઢતી મેળવી નિયુક્ત થતાં શ્રીમતી મમતા વર્મા............ ૦૫

**સ્વાગત** ૦૬
- નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. એસ. રંધાવાનું ભાવભર્યું સ્વાગત.................................... ૦૬

**એવોર્ડ** ૦૭
- યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો પ્રથમ ગ્રીન ઊર્જા એવોર્ડ ૨૦૨૦..................... ૦૭

**કંપની સમાચાર** ૦૮
- વરસાદ અને વાવાઝોડાની સામે ત્વરિત કામગીરી માટે સતત ચોવીસ કલાક કાર્યરત કંટ્રોલરૂમ.................. ૦૮
- તાઉ'તે વાવાઝોડાને લીધે યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં થયેલ તારાજીનું ત્વરિત નિવારણ............. ૦૯

**વિમોચન** ૧૧
- ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા "Awards and Achievements" પુસ્તકનું વિમોચન.................. ૧૧

**શ્રદ્ધાંજલિ** ૧૨
- કોરોનાકાળમાં યુજીવીસીએલએ પોતાના અમુલ્ય અસ્કયામત સમાન એકાવન વીજકર્મીઓ ગુમાવ્યા........ ૧૨
- યુજીવીસીએલના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રનું કોરોનાની બીમારીને લીધે દુઃખદ અવસાન......... ૧૮

**સંક્ષિપ્ત સમાચાર** ૨૦
- સાતમા 'વિશ્વ યોગ દિન'ની યુજીવીસીએલ દ્વારા ઉજવણી... ૨૦
- હજાર મીટરથી વધારે ઊંચાઈવાળા ડુંગરા ઉપર યુજીવીસીએલને લગતા પ્રશ્નોની ચર્ચા.................. ૨૦
- સન્માન............................................. ૨૦

**પ્રતિભાવ** ૨૧

**વિદાય** ૨૨
- સફળતાના સૂત્રધાર શ્રી આર.બી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેરને ગૌરવભેર વિદાય................. ૨૨
- વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી એલ.એફ. ડાભી, અધિક્ષક ઈજનેરને ગૌરવભેર વિદાય.................... ૨૩



**આપણી કામગીરી આપણા કાર્યવિસ્તાર, સમગ્ર રાજ્ય તથા રાષ્ટ્રના વિકાસ માટે બહુમૂલ્ય છે. આ મહત્ત્વ ધ્યાનમાં રાખીને આપણે જનસેવા થકી રાષ્ટ્ર સેવામાં સતત પ્રવૃત્ત રહીશું.**

**આપણા કામની ગુણવત્તાથી પણ આપણે ઈશ્વરને રાજી કરી શકીએ...**

**- મહાત્મા ગાંધી**

**પ્રિય કર્મચારી મિત્રો**

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના મુખપત્ર 'આપણું યુજીવીસીએલ' ના માધ્યમથી આપ સૌની સાથે સંવાદ કરતાં હું આનંદની લાગણી અનુભવું છું.

ગુજરાત વિદ્યુત બોર્ડના પુર્નગઠન પછી અસ્તિત્વમાં આવેલી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના તેજસ્વી કાર્ય ઇતિહાસથી હું સુપેરે પરિચિત છું. સ્થાપના પછી કંપનીએ અત્યાર સુધીમાં ૨૯ જેટલા રાષ્ટ્રીયસ્તરના એવોર્ડ્ઝ તથા સન્માન મેળવ્યા છે. કંપનીને મળતા એવોર્ડ્ઝ વાસ્તવમાં તેના તમામ કર્મચારીઓની કાર્યનિષ્ઠાનું પ્રતિબિંબ હોય છે. મને ખૂબ આનંદ અને ગૌરવ છે કે મને અત્યંત કર્મનિષ્ઠ અને પ્રતિભાવાન કાર્યબળ ધરાવતી કંપનીની આગેવાની કરવાની તક મળી છે.

મારો એ હંમેશા પ્રયાસ રહેશે કે આપ સૌની ક્ષમતાનો યોગ્ય ઉપયોગ થાય, નાનામાં નાના કર્મચારીથી લઈને ઉચ્ચ અધિકારીઓ સુધી સૌને સતત પ્રોત્સાહન મળે, તેમના નવા વિચારો અને સૂચનોને આવકાર મળે અને એ રીતે કંપનીમાં અત્યાર સુધી જળવાયેલું પ્રોત્સાહક કાર્ય વાતાવરણ આપણે હજી વધુ વિસ્તારી શકીએ. મને પૂરેપૂરી ખાતરી છે કે આપ સૌની કાર્યક્ષમતા અને સહકારથી આપણે સમગ્ર ભારતની અગ્રિમ હરોળની વીજવિતરણ કંપની તરીકેનું આપણું સ્થાન જાળવી રાખીશું અને વધુ યશસ્વી દેખાવ કરીશું.

આજના વિકાસલક્ષી સમયમાં લોકોના જીવનમાં વીજળીનું અભૂતપૂર્વ મહત્ત્વ છે. ખેડૂતોના ખેતરમાં પાકને બચાવવાથી લઇને વિદ્યાર્થીઓના અભ્યાસમાં અને વિવિધ વ્યવસાયોના વિકાસમાં વીજ પુરવઠો અત્યંત મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવે છે એ દૃષ્ટિએ આપણી કામગીરી આપણા કાર્યવિસ્તાર, સમગ્ર રાજ્ય તથા રાષ્ટ્રના વિકાસ માટે બહુમૂલ્ય છે. આ મહત્ત્વ ધ્યાનમાં રાખીને આપણે જનસેવા થકી રાષ્ટ્ર સેવામાં સતત પ્રવૃત્ત રહીશું.

હું એ વાત પર ખાસ ભાર મૂકવા માંગું છું કે આપણું કાર્ય અત્યંત મહત્ત્વનું છે અને એટલી જ મહત્ત્વની આપ સૌની સલામતી છે. વીજળી સાથે કામ કરવું જોખમી છે. વર્ષોના અનુભવ સાથે આપણી સાવધાનીમાં જરા સરખી પણ લાપરવાહી ન આવે તે જરૂરી છે. આપનું જીવન કંપની માટે તથા આપના પરિવાર માટે અણમોલ છે. હંમેશા સતર્ક અને સાવધાન રહીને આપની સલામતી જાળવવા આપ સૌને મારી આગ્રહભરી વિનંતી છે.

મને એ વાતનો પણ આનંદ છે કે, આપણી કંપની છેલ્લાં લગભગ ૧૫ વર્ષથી આ મુખપત્ર **'આપણું યુજીવીસીએલ'** દ્વારા કર્મચારીઓ વચ્ચે એક સંવાદસેતુ ઊભો કરી શકી છે. આ મુખપત્ર દ્વારા કંપનીના વિવિધ સમાચારો, નવી પહેલો, કર્મચારીઓના નવા વિચારો અને સિદ્ધિઓ કંપનીના અન્ય કર્મચારીઓ તથા માનવંતા ગ્રાહકો અને સરકારશ્રી સુધી અસરકારક રીતે પહોંચી શકે છે. આપ આપના યોગદાનથી આ મુખપત્રને વધુ સમૃદ્ધ બનાવશો તેવી હું અપેક્ષા રાખું છું.

સદાય સૌની કુશળતા ઇચ્છતો,



**કે. એસ. રંધાવા,** આઇએફએસ,
મેનેજિંગ ડિરેક્ટર, યુજીવીસીએલ

# શ્રી મહેશ સિંઘ ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્ત

## યશસ્વી કામગીરી દ્વારા યુજીવીસીએલને નવી ઉંચાઈ પર લઈ જનાર સફળતાના સૂત્રધારને યુજીવીસીએલ પરિવારની શુભેચ્છાઓ...

તા. ૦૪-૦૨-૨૦૧૯થી તા. ૨૪-૦૬-૨૦૨૧ દરમ્યાન યુજીવીસીએલમાં સફળ કામગીરી બજાવનાર શ્રી મહેશ સિંઘની ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડના મેનેજિંગ ડિરેક્ટર તરીકે નિયુક્તિ થતાં કંપનીના ઉચ્ચ અધિકારીઓ અને સૌ કર્મચારીઓએ તેમને શુભેચ્છાઓ અને અભિનંદન પાઠવેલ છે. ઉત્તર ગુજરાતના ૪૬૨૮ ગામોને સતત ૨૪ કલાક વીજ-પુરવઠો પૂરો પાડી ઉત્તર ગુજરાતના સામાજિક અને આર્થિક વિકાસ દ્વારા માનવંતા ગ્રાહકોનું જીવનધોરણ ઊંચું લઈ જવા માટે સતત કાર્યરત એવી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની યશસ્વી કામગીરી આગળ ધપાવનાર સફળતાના સૂત્રધાર શ્રી મહેશ સિંઘે વિશિષ્ટ કામગીરી દ્વારા કંપનીની વિકાસ કરવાની પરંપરાનું જતન કરી માનવંતા વીજ ગ્રાહકોમાં એક અનોખી ઓળખ ઊભી કરેલ છે.

શ્રી મહેશ સિંઘના કાર્યકાળ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપનીએ અલગ અલગ ક્ષેત્રોમાં ઉત્કૃષ્ટ કામગીરી કરીને રાષ્ટ્રીય કક્ષાના ૮ (આઠ) જેટલા એવોર્ડ્ઝ પ્રાપ્ત કરેલ છે. કોરોના કાળના કપરા સમયમાં સવા બે વર્ષના ટૂંકા ગાળામાં આ પ્રકારની કામગીરી હંમેશ માટે યાદગાર રહેશે. તા. ૧૫-૦૭-૨૦૧૯ના રોજ PTC EXELLENCE AWARD-2019 બેસ્ટ ડિસ્કોમ તરીકે મેળવેલ, તા. ૧૯-૦૨-૨૦૨૦ના રોજ CBIP AWARD-2020 વીજ-વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી માટે મેળવેલ, તા. ૨૮-૧૦-૨૦૨૦ના રોજ SKOCH AWARD-2020 એટીએન્ડસી લોસીસ એન્ડ પાવર રીલાયબીલીટી માટે મેળવેલ, તા. ૨૫-૦૨-૨૦૨૧ના રોજ આઠમો INOVATION WITH IMPACT AWARDS FOR DISCOM-2020 અંતર્ગત વિવિધ કેટેગરી માટે એક જ દિવસમાં કુલ ત્રણ એવોર્ડ્ઝ પ્રાપ્ત કર્યા. (૧) બી વર્ગ (કાર્યક્ષમ કામગીરી હેઠળ બીજા ક્રમે) (૨) એ વર્ગ (પ્રદર્શન સુધારણા હેઠળ ત્રીજા ક્રમે) (૩) સી વર્ગ (સેવાની ગુણવત્તા અને ગ્રાહક સશક્તિકરણ હેઠળ ત્રીજા ક્રમે) મેળવેલ, તા. ૨૭-૦૩-૨૦૨૧ના રોજ NATIONAL ABILITY AWARD ઊર્જા સંરક્ષણ અને જાગૃતિ એવોર્ડ-૨૦૨૧



મેળવેલ, તા. ૧૧-૦૫-૨૦૨૧ના રોજ 1ST GREEN URJA AWARDS 2020 સોલાર રૂફ ટોપ અંગેની કામગીરી માટે દ્વિતિય ક્રમાંકે મેળવેલ.

યુજીવીસીએલના કર્મચારીઓને તથા માનવંતા ગ્રાહકોને વધુ સારી સુવિધાઓ મળે તે માટે અદ્યતન કચેરીઓ, સ્ટાફ ક્વાર્ટર્સ, વીજ-સુવિધા કેન્દ્રોનું નિર્માણ કરેલ છે, જે અંતર્ગત દેશોતર પેટાવિભાગીય કચેરી, ઈકબાલગઢ પેટાવિભાગીય કચેરીઓનું લોકાર્પણ તેમજ ગ્રાહકોની માંગણીને ધ્યાનમાં રાખીને ગાંધીનગર વિભાગીય કચેરી મંજુર કરીને નવીન કચેરીનું લોકાર્પણ, સાબરમતી ખાતે વિંઝોલ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ, હિમતનગર ખાતે પોલીસસ્ટેશનનું લોકાર્પણ, સ્ટાફ ક્વાર્ટર્સનું લોકાર્પણ, ભિલોડા વિભાગીય કચેરીનું લોકાર્પણ, હિંમતનગર વિભાગીય કચેરી હસ્તકના રણાસણ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ, અડાલજ ખાતે જનસેવા કેન્દ્રનું લોકાર્પણ, દહેગામ ખાતે કિસાન સૂર્યોદય યોજનાના શુભારંભ પ્રસંગે ગાંધીનગર ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી, દહેગામ ગ્રામ્ય પેટાવિભાગીય કચેરી તેમજ ચિલોડા-૧ અને ચિલોડા-૨ પેટાવિભાગીય કચેરીઓ માટેનું ભૂમિપૂજન કરવામાં આવેલ, બાવળા ઈન્ડસ્ટ્રીયલ પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ, કાણોદર પેટાવિભાગીય કચેરીનું લોકાર્પણ, આર.એસ.ઓ પાલનપુરના મકાનનું ભૂમિપૂજન, શંખેશ્વર ખાતે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ, પોશીના ખાતે વીજ-સુવિધા કેન્દ્રનું લોકાર્પણ કરવામાં આવેલ, કાર્યકાળના શરૂઆતના સમયમાં SCADA ગાંધીનગર ખાતે સ્માર્ટ ગ્રીડ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવામાં આવેલ.

ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થવાને લીધે તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન અગાઉની જેમ અન્ય રાજ્યોના વીજ-ક્ષેત્રના તજજ્ઞો મુલાકાત લેતા હતાં. ઉત્તર પ્રદેશની ટીમ SKY ફીડરની મુલાકાતે આવેલ. સાઉથ એશિયા ફોરમ ઓફ ઈન્ફ્રાસ્ટ્રક્ચર રેગ્યુલેશન (SAFAI)ના પ્રતિનિધિઓએ SKADA સેન્ટરની મુલાકાત લઈને નરોડા અર્બન સબડિવિઝન ખાતે થઈ રહેલ પ્રીપેડ બિલીંગ અંગેની માહિતી કંટ્રોલ રૂમની મુલાકાત સાથે મેળવેલ. ICISAના

વિશ્વભરના ૩૮ જેટલા તાલીમાર્થીઓ એ અભ્યાસ અર્થે યુજીવીસીએલની મુલાકાત લીધેલ. BSES રાજધાની પાવર લિમિટેડ નવી-દિલ્હીના વરિષ્ઠ અધિકારીઓએ સ્માર્ટગ્રીડ, સ્માર્ટમીટરીંગ અંગેની પ્રક્રિયા જાણવા માટે મુલાકાત લીધેલ.

ઊંઝા ખાતે યોજાયેલ ઐતિહાસિક લક્ષચંડી મહાયજ્ઞમાં વિના વિક્ષેપે વીજ-પુરવઠો પૂરો પાડવાની ભગીરથ કામગીરી તેઓશ્રીના માર્ગદર્શન હેઠળ પાલનપુર સર્કલ દ્વારા સુપેરે પાર પાડવામાં આવેલ.

સ્ટેચ્યુ ઓફ યુનિટી, સરદાર સરોવર ડેમ, કેવડીયા ખાતે યોજાયેલ દેશના ઊર્જામંત્રીશ્રીઓની કોન્ફરન્સની જવાબદારી સફળતાપૂર્વક પાર પાડેલ.

કોરોનાના કહેર વચ્ચે પાલનપુર ખાતે



આવેલ વાવાઝોડા તેમજ અન્ય તાઉ'તે વાવાઝોડાના સમય દરમ્યાન તેઓશ્રીના માર્ગદર્શન નીચે યુજીવીસીએલના કર્મચારીઓએ ત્વરિત કામગીરી કરી વીજ-પુરવઠાનું પુનઃસ્થાપન કરેલ. તાઉ'તે વાવાઝોડાથી ખૂબ જ અસરગ્રસ્ત એવા સૌરાષ્ટ્રમાં યોગ્ય આયોજન સાથે વીજ-પુરવઠો પુનઃસ્થાપિત થાય તે માટે યુજીવીસીએલના કર્મચારીઓની ટીમો તથા કોન્ટ્રાકટરની ગેંગ સાથેના માણસો મોકલીને અગાઉની પરંપરા મુજબ અન્ય કંપનીઓ ને આફતના સમયમાં ઝડપથી વીજ-પુરવઠો પુનઃસ્થાપિત થાય તેવા પ્રયત્નો હાથ ધરેલ તેમજ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા મળેલ સૂચનાને અનુલક્ષીને અસરગ્રસ્ત એવા ભાવનગર જીલ્લામાં પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડનાં તંત્રને માર્ગદર્શન આપી કામગીરી ઝડપથી પૂર્ણ થાય તે દિશામાં પ્રયત્નો હાથ ધરેલ.

ગુજરાત સરકાર દ્વારા અમલમાં મુકવામાં આવેલ કિસાન સૂર્યોદય યોજનાના ઈ-શુભારંભ પ્રસંગે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના ઉદ્‌બોધન કાર્યક્રમનું પાટણ ખાતે સફળ આયોજન હાથ ધરવામાં આવેલ. ત્યારબાદ બાયડ ખાતે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણીના વરદ્ હસ્તે તેમજ ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલની ઉપસ્થિતિમાં યોજાયેલ 'કિસાન સૂર્યોદય યોજના'ના શુભારંભ કાર્યક્રમનું સફળ આયોજન કરેલ. સમગ્ર ઉત્તર ગુજરાતના તમામ વિસ્તારોમાં કિસાન સૂર્યોદય યોજનાના અમલીકરણનો સંદેશ માનવંતા ખેડૂતો સુધી અસરકારક રીતે પહોંચે તે માટે બીજા એકત્રીસ કાર્યક્રમોનું આયોજન સફળતાથી કરવામાં આવેલ જેમાં ગુજરાત રાજ્યના માનનીય મંત્રીશ્રીઓ, ધારાસભ્યશ્રીઓ, તાલુકા પંચાયત અને જીલ્લા પંચાયતના પ્રતિનિધિશ્રીઓ, કલેકટરશ્રીઓ, જીલ્લાવિકાસ અધિકારીશ્રીઓ તેમજ સામાજિક આગેવાનો અને ખેડૂતો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહેલ.

તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન અંબાજી ખાતે દરવર્ષે યોજાતા ભાદરવી પૂનમના મેળા દરમ્યાન વિના-વિક્ષેપે વીજ-પુરવઠો પૂરોપાડવામાં આવેલ. વિશ્વ-યોગદિન નિમિત્તે દરવર્ષે ઉજવણી કરવામાં આવેલ. મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના હેઠળ લાયકાત ધરાવતા ઉમેદવારોને નિમણુંકપત્રો એનાયત કરવામાં આવેલ. સ્વચ્છ ભારત અભિયાનની કામગીરીને વેગવંતી બનાવેલ. કર્મચારીઓ માટે રમતગમત અને સંસ્કૃતિક પ્રવૃત્તિઓને વેગ આપેલ. યુજીવીસીએલ પરિવાર માટે સ્નેહમિલન કાર્યક્રમોનું આયોજન કરેલ. વીજ-અકસ્માત નિવારણ માટે હિંમતનગર અને તલોદ ખાતે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરેલ. તેમજ વીજ સંરક્ષણ અંગે વિસનગર તેમજ ઊંઝા ખાતે સેમિનારનું આયોજન કરેલ. ગ્રાહક જાગૃત્તિ અંતર્ગત "ઝુંપડપટ્ટીમાં અજવાળા" કાર્યક્રમનું આયોજન કરેલ, દર વર્ષે બંધારણની સ્વીકૃતિ અંગેના કાર્યક્રમોનું આયોજન, સાબરકાંઠા-



# ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં પ્રિન્સીપલ સેક્રેટરી તરીકે બઢતી મેળવી નિયુક્ત થતાં શ્રીમતી મમતા વર્મા



તારીખ ૦૯-૦૬-૨૦૨૧થી વિધિવત રીતે ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગના અગ્રસચિવ તરીકે બઢતી મેળવીને શ્રીમતી મમતા વર્માએ પોતાનો હોદ્દો સંભાળી લીધેલ છે.

૧૯૯૬ની બેચમાં આઈ.એ.એસ થયેલ શ્રીમતી મમતા વર્માએ ગુજરાત સરકારના વિવિધ વિભાગો જેવા કે ઉદ્યોગ અને ખાણ વિભાગ (પર્યટન, દેવસ્થાનમ મેનેજમેન્ટ, નાગરિક ઉડ્ડયન અને યાત્રાધામ જેવા વિવિધ વિભાગોમાં સફળ કામગીરી બજાવેલ છે.

ગુજરાત સરકારના ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગમાં અગ્રસચિવ તરીકે નિયુક્ત થયેલ શ્રીમતી મમતા વર્માની નિમણૂકને યુજીવીસીએલ પરિવાર આવકારે છે અને તેમના નેતૃત્વ હેઠળ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ હસ્તકની તમામ વીજ કંપનીઓ ઉત્તરોત્તર પ્રગતિના સોપાન સર કરશે તેવી અભ્યર્થના સાથે હૃદયપૂર્વકના અભિનંદન પાઠવે છે. તેમજ ભવિષ્યની યશસ્વી કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

અરવલ્લી જીલ્લાના સરપંચો સાથે સંવાદ કરવાનું આયોજન, મીટર ટેસ્ટિંગ અંગેના સેમિનારોનું આયોજન, વિશ્વ-પર્યાવરણ દિન નિમિત્તે જાગૃત્તિ કેળવવા વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન, રક્તદાન શિબિરોનું આયોજન, કર્મચારીની કોરોના સામે સુરક્ષા જળવાય તે માટે રેપીડ ટેસ્ટના કાર્યક્રમોનું આયોજન તેમજ રસીકરણ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ. કર્મચારીઓની કાર્યદક્ષતા વધે તે માટે ગુણવત્તા સભર ટ્રેનિંગ દ્વારા સાબરમતી ખાતેના ટ્રેનિંગ સેન્ટરને પ્રોત્સાહન આપીને પ્રથમ હરોળનું બનાવેલ.

કોરોનાના સમય દરમ્યાન સંક્રમિત થયેલ વીજકર્મીઓની સુરક્ષા માટે અમદાવાદ ખાતે કોવિડ સેન્ટર શરૂ કરાવેલ.

કોરોનાના કાળ દરમ્યાન CSR પ્રવૃત્તિ હેઠળ ફૂડકીટનું વિતરણ કરવામાં આવેલ તેમજ પર્યાવરણ અને ટકાઉ ખેતીના લર્નિંગ સેન્ટરનું શખેશ્વર ખાતે ઉદ્દઘાટન કરેલ. વાત્રક ખાતે ચેકડેમ બનાવીને નાના ખેડૂતોને સિંચાઈ માટે મદદરૂપ થવાનો પ્રયત્ન કરેલ. કંપનીના નાનામાં નાના કર્મચારીને પડતી તકલીફોને ધ્યાનમાં રાખીને તેને વાચા આપવાનો હંમેશા પ્રયત્ન હાથ ધરવામાં આવતો.

તેઓશ્રી દ્વારા કંપનીથી કરવામાં આવી રહેલ ઉત્કૃષ્ટ કામગીરી લોકો સુધી પહોંચે તે માટે પ્રચાર અને પ્રસારની કામગીરી જળવાય તે માટે કંપનીના મુખપત્ર **આપણું યુજીવીસીએલ**માં તે અંગેની વાચા આપવામાં આવેલ. “ચિંતન શિબિર”, “યુજીવીસીએલ એટ અ ગ્લાન્સ”, “વીજ-સલામતી”, “એવોર્ડ્ઝ એન્ડ એચીવમેન્ટસ”, પુસ્તકોનું પ્રકાશન કરવામાં આવેલ, તેમજ સોલાર રૂફટોપના પ્રચાર માટે “સૂર્ય ગુજરાત” “કિસાન સૂર્યોદય યોજના”ના પ્રચાર માટે, કર્મચારીઓની વીજ-સુરક્ષા માટે વીજ-સલામતી અંગેની, કંપનીની માહિતી દર્શાવતી “યુજીવીસીએલ એટ અ ગ્લાન્સ” નામની દસ્તાવેજી ફિલ્મો તૈયાર કરવામાં આવેલ. વીજ-સલામતી, સોલાર રૂફટોપ, કિસાન સૂર્યોદય યોજનાના પ્રચાર અને પ્રસાર માટે ગુજરાત સ્ટેટ રોડ ટ્રાન્સપોર્ટની બસો ઉપર જાહેરાતો લગાવવામાં આવેલ તેમજ ઉત્તર ગુજરાતના કાર્યક્ષેત્ર વિસ્તારમાં હોર્ડિંગ્ઝ દ્વારા યોજનાઓની સતત જાહેરાત કરી અને માનવંતા ગ્રાહકોને જાગૃત કરવામાં આવેલ.

શ્રી મહેશ સિંઘ દ્વારા પોતાના કાર્યકાળ દરમ્યાન કંપનીને લગતી કામગીરી માટે ઊંડાણપૂર્વક રસ લઈને કંપનીની કામગીરી ગુણવત્તાસભર બનાવેલ. ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડમાં તેઓ શ્રી દ્વારા કરવામાં આવેલ કામગીરીને યુજીવીસીએલ પરિવાર બિરદાવે છે અને તેઓશ્રીની ભવિષ્યની કામગીરી વધુ ઉજ્જવળ બને તે માટે શુભેચ્છાઓ પાઠવે છે. ■

# નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. એસ. રંધાવાનું ભાવભર્યું સ્વાગત













તા. ૨૫-૦૬-૨૦૨૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડના નવનિયુક્ત મેનેજિંગ ડિરેક્ટર શ્રી કે. એસ. રંધાવાએ પોતાનો કાર્યભાર વિધિવત રીતે સંભાળેલ છે. કંપનીના ઉચ્ચ અધિકારીશ્રીઓ દ્વારા તેમનું પુષ્પગુચ્છ અર્પણ કરીને ભાવભર્યું સ્વાગત કરવામાં આવેલ છે. શ્રી રંધાવાએ ઉચ્ચ અધિકારીઓનો પરિચય મેળવ્યા બાદ તુરંત જ પ્રેઝન્ટેશન દ્વારા કંપનીના તમામ વિભાગોની કામગીરીની માહિતી મેળવેલ.




૧૯૯૨ની બેચમાં આઈ.એફ.એસ. થયેલ શ્રી રંધાવા એમ.એસ. સી., એલ.એલ.બી.ની શૈક્ષણિક લાયકાત ધરાવતા પંજાબ રાજ્યના વતની છે.

શ્રી રંધાવા આ અગાઉ મેનેજિંગ ડિરેક્ટર તરીકે ગુજરાત એગ્રો ઈન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન લિમિટેડ ગાંધીનગર ખાતે ફરજ બજાવતા હતા. યુજીવીસીએલ પરિવાર તેઓશ્રીની નિયુક્તિને આવકારે છે અને કંપનીના તમામ કર્મચારીઓના સહિયારા પુરુષાર્થથી કંપની સફળતાના ઉચ્ચ શિખરો સર કરી ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે પોતાની શાખને વધુ મજબુત બનાવે તેવી અપેક્ષા સાથે ભાવિ ઉજ્જવળ કામગીરી માટે ખૂબ ખૂબ શુભેચ્છાઓ પાઠવે છે. ■

# યુજીવીસીએલએ પ્રાપ્ત કર્યો પ્રથમ ગ્રીન ઊર્જા એવોર્ડ્ઝ ૨૦૨૦

ઉત્તર ગુજરાતના ૩૫ લાખથી વધુ ગ્રાહકોને સતત વિના-વિક્ષેપે વીજ-પુરવઠો પૂરોપાડી સમગ્ર ભારતમાં અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપની એ પોતાના ખાતામાં વધુ એક એવોર્ડનો ઉમેરો કરી “ગ્રીન ઊર્જા એવોર્ડ્ઝ ૨૦૨૦” પ્રાપ્ત કરેલ છે. વર્ગ-બી ની કેટેગરીમાં "ડિસ્કોમ ગ્રીડ કનેક્ટેડ રૂફ ટોપ સોલાર"માં દ્વિતીય ક્રમાંકિત થયેલ છે. ઇન્ડિયન ચેમ્બર ઓફ કોમર્સ – કલકત્તા વતી ડૉ. અજય માથુર, ડાયરેક્ટર જનરલ, આઈ.એસ.એ. દ્વારા યુજીવીસીએલના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, આઈ.એફ.એસ.ને તારીખ ૧૧-૦૫-૨૦૨૧ના રોજ ઓનલાઈન એવોર્ડ સેરેમનીમાં પ્રમાણપત્ર અને ટ્રોફીના સ્વરૂપમાં અર્પણ કરવામાં આવેલ છે. આ પ્રસંગે આમંત્રિત મહેમાન તરીકે શ્રી એન.એસ. પ્રસાદ, સિનિયર ફેલો, ટેરી ઉપસ્થિત રહેલ.







## એવોર્ડ વિષેની માહિતીઃ

આઈસીસી, ટેરી સાથે મળીને નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રની કંપનીઓ માટે દેશના ચાર પ્રદેશોની પરિષદો સાથે "ગ્રીન ઊર્જા એવોર્ડ્ઝ" લાવ્યા છે. "ગ્રીન ઊર્જા એવોર્ડ્ઝ અને કોન્ફરન્સ"નો ઉદ્દેશ એક મંચ પૂરો પાડવાનો છે, નવીનીકરણીય ઊર્જા ક્ષેત્રે ઉદ્યોગ પ્રદર્શનને બેંચમાર્ક આપવો અને દેશના નવીનીકરણીય ભાવિને આકાર આપવા માટેના પ્રયત્નો અને પ્રદર્શનને માન્યતા આપવી.

## એવોર્ડ માટેના પેરામીટર્સઃ

ટેરી સાથે ઇ-કોન્ફરન્સ દેશના ચાર પ્રદેશોના રાજ્યોમાં કોન્ફરન્સ માટેની યોજના સાથે નવીનીકરણીય ઊર્જા કંપનીઓ માટે “ગ્રીન ઊર્જા એવોર્ડ્ઝ”ની પહેલી આવૃત્તિ સાથે આગળ આવી છે.

## એવોર્ડ આપનાર સંસ્થા વિષે માહિતીઃ

મંત્રાલયને ભલામણના સ્વરૂપમાં અહેવાલો પ્રસિદ્ધ કરવા, સરકાર અને ઉદ્યોગ સંગઠન વચ્ચે વિવિધ પ્લેટફોર્મ (સમિટ) બનાવવાની મહત્ત્વપૂર્ણ અને સંબંધિત ચિંતાઓને દૂર કરવા માટે મંત્રાલયને ભલામણના રૂપમાં ઊર્જા ક્ષેત્રને અસર કરે તેવા મુખ્ય મુદ્દાઓ પર આઇસીસી સક્રિય કામગીરી કરી રહી છે. ભારતની ઊર્જા સમિટ (આઇઇએસ) અને ગ્રીન એનર્જી સમિટ જેવી આઇસીસીની મુખ્ય ઊર્જા પહેલ આ વર્ષે તેની 14 મી અને 9 મી આવૃત્તિઓમાં અનુરૂપ છે અને આ વર્ષે સફળતાપૂર્વક પહોંચાડાય છે.

## એવોર્ડ્ઝ માટેની જ્યુરી સભ્યોના નામ અને હોદ્દા :

- ડૉ. અશ્વિની કુમાર- સોલાર એનર્જી કોર્પોરેશન ઓફ ઇન્ડિયા લિમિટેડના પૂર્વ મેનેજિંગ ડિરેક્ટર અને ભૂતપૂર્વ વરિષ્ઠ નિયામક, નવીનીકરણીય ઊર્જા તકનિકી વિભાગ, ટેરી.
- શ્રી ગીરીશ પ્રધાન- પૂર્વ અધ્યક્ષ સીઈઆરસી.
- શ્રી કે.એસ. પોપલી- પૂર્વ અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટર, આઇઆરઈડીએ.
- કુ. નીરજા માથુર- પૂર્વ અધ્યક્ષ, સી.ઇ.એ.

કોરોનાના કપરા કાળ દરમ્યાન ઉત્તર ગુજરાત વીજ કંપનીના સન્નિષ્ઠ કર્મચારીઓ દ્વારા અનેક મુશ્કેલીઓ વચ્ચે પણ પોતાની કાર્યક્ષમતા જાળવી રાખી કંપનીને આ ૨૯મો એવોર્ડ અપાવેલ છે. જેના માટે કંપનીમાં હકારાત્મક વાતાવરણ સર્જાયેલ છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ અને મુખ્ય ઈજનેર (ઓપરેશન), શ્રી પી.બી. પંડ્યા દ્વારા તમામ કર્મચારીઓને અભિનંદન પાઠવી પ્રસન્નતા વ્યક્ત કરેલ છે. ■

# વરસાદ અને વાવાઝોડાની સામે ત્વરિત કામગીરી માટે સતત ચોવીસ કલાક કાર્યરત કંટ્રોલરૂમ

સાતત્યપૂર્ણ, વિશ્વસનીય વીજ-પુરવઠો પૂરો પાડવાની નેમ સાથે સતત કાર્યરત ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા દર વર્ષની જેમ આ વર્ષે પણ વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિમાં થયેલ વીજ વિક્ષેપોનો ત્વરિત પુનઃસ્થાપન કરવાની કામગીરી માટે સતત ચોવીસ કલાક કાર્યરત કંટ્રોલરૂમની શરૂઆત તા.૧૫.૦૫.૨૦૨૧ના રોજથી કરવામાં આવેલ છે. ગત વર્ષના ચોમાસાને ધ્યાનમાં લઈને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન તેમજ મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ આગોતરૂ આયોજન કરવામાં આવેલ છે.

કંટ્રોલરૂમમાં સતત ચોવીસ કલાક કર્મચારીઓને ફરજ સોંપવામાં આવેલ છે. યુજીવીસીએલ હસ્તકની ચારેય વર્તુળ કચેરીઓમાં ચાલતા કંટ્રોલરૂમ સાથે સંકલન સાધી તમામ વિભાગીય અને પેટા વિભાગીય કચેરીની વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

કંટ્રોલરૂમ શરૂ કરવાનો મુખ્ય ઉદ્દેશ કંપનીના કાર્યક્ષેત્રમાં આવતા માનવંતા ગ્રાહકોને સતત વિના વિક્ષેપે વીજ-પુરવઠો મળતો રહે તેમજ અતિ વરસાદ અને વાવાઝોડાની પરિસ્થિતિમાં વીજ-વિતરણની કામગીરીમાં વીજ-વિક્ષેપ આવે ત્યારે ઝડપથી માહિતી મેળવી વીજ-વિક્ષેપનું ત્વરિત નિરાકરણ લાવવાની પ્રક્રિયા માટે જરૂરી વ્યવસ્થા ગોઠવવામાં આવે છે. કંપનીની રજીસ્ટર્ડ અને કોર્પોરેટ ઓફિસે કાર્યરત કંટ્રોલરૂમ કંપની હસ્તકના તમામ ફીડરો (વીજરેષા) માં જ્યાં પણ અસર થયેલ છે. તેની નોંધ રાખવામાં આવે છે. ગ્રામ્ય અને શહેરી ફીડરોને નુકસાન પહોચતા વીજ-વિક્ષેપ થાય છે. ઉપરાંત હળવા અને ભારે દબાણના થાંભલા કે જેમાં વીજ-વિક્ષેપ થાય છે, તેનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે.

કોરોનાની મહામારીને લીધે કોવિડ-૧૯ હોસ્પિટલોમાં સતત વીજ-પુરવઠો મળી રહે તથા વીજ-અકસ્માતની વિગતોનું સતત મોનીટરીંગ કરવામાં આવે છે. ઉપરાંત થ્રી-ફેઈજ તથા સિંગલ-ફેઈજ વીજ-વિક્ષેપ, વોટર-વર્કસના જોડાણમાં થયેલ વીજ-વિક્ષેપનું પણ મોનીટરીંગ કરવામાં આવે છે.

તા. ૧૬ થી ૧૯ મે દરમ્યાન આવેલ તાઉ'તે વાવાઝોડા દરમ્યાન અતિ વરસાદની પરિસ્થિતિમાં થયેલ નુકસાનના ખર્ચની આકારણી પણ કરવામાં આવેલ છે. રાજ્યમાં વાવાઝોડા અને વરસાદ દરમ્યાન યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં આવેલ ફિડરોમાં વીજ-વિક્ષેપની ફરિયાદોનો વીજળીવેગે નિકાલ કંપનીના પ્રતિબદ્ધ કર્મચારીઓ દ્વારા સતત ૨૪ કલાક કામગીરી હાથ ધરીને યુધ્ધના ધોરણે કરવામાં આવી રહેલ છે.


તાજેતરમાં તાઉ'તે વાવાઝોડાથી સૌરાષ્ટ્રમાં થયેલ તારાજીથી ઉત્પન્ન થયેલ વીજ-વિક્ષેપમાં ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ તથા ગુજરાત સરકારના ઊર્જા મંત્રાલય સાથે સંકલનમાં રહીને ૪૭ જેટલા વીજ કર્મીઓની ટીમોને ઉચ્ચ-અધિકારીઓને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન મુજબ મોકલવામાં આવેલ અને વીજ-વિક્ષેપની કામગીરીનો ત્વરિત નિકાલ થાય તે માટે ભગીરથ કામગીરી હાથ ધરવામાં આવેલ છે.




કંટ્રોલરૂમમાંથી કરવામાં આવી રહેલ ત્વરિત કામગીરી માટે કર્મચારીઓની કામ પ્રત્યેની પ્રતિબદ્ધતા કર્તવ્ય નિષ્ઠા માટે કંપનીના ઉચ્ચ સત્તાધીશો દ્વારા સતત પ્રોત્સાહન આપવામાં આવી રહેલ છે. જેથી પડકારજનક કામગીરીમાં વધુ ઉત્સાહથી કામ કરી શકાય. ■

# તાઉ'તે વાવાઝોડાને લીધે યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં થયેલ તારાજીનું ત્વરિત નિવારણ


માનકોલ


બોપલ


મોટી બોરુ

તા. ૧૭ થી ૧૯ મે દરમ્યાન હવામાન ખાતાએ કરેલ આગાહી મુજબ તાઉ'તે વાવાઝોડું મુખ્યત્વે સૌરાષ્ટ્રમાં ત્રાટક્યું હતું, પણ તેની અસરો યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં પણ વ્યાપક પ્રમાણમાં જોવા મળેલ. યુજીવીસીએલના કાર્યક્ષેત્રમાં અમદાવાદ જીલ્લાના ગ્રામ્ય વિસ્તાર, ગાંધીનગર, મહેસાણા, સાબરકાંઠા અને અરવલ્લી જીલ્લામાં તાઉ'તે વાવાઝોડાની વ્યાપક અસરો જોવા મળેલ. સૌથી વધુ તારાજી બાવળા, ધોલેરા, ધંધુકા, ધોળકા, કોઠ, દહેગામ, રખિયાલ, બોપલ, સાબરમતી, ગાંધીનગર અર્બન, ગાંધીનગર ગ્રામ્ય, કલોલ, કડી, વિજાપુર, હિમતનગર, ઈડર, ભિલોડા, મોડાસા, ખેડબ્રહ્મા, સાઠંબા, બાયડ, વિરમગામ, સાણંદ, અડાલજ, પ્રાંતિજના વિસ્તારોમાં થયેલ. કુલ ૧૪ જેટલા શહેરો, ૨૦૭૭ જેટલા ગામો ઉપરાંત ૧૯.૭૩ લાખ ગ્રાહકોને વાવાઝોડાની અસર થયેલ છે.

મોટા પાયે વીજ-થાંભલા, એચ.ટી./એલ.ટી. લાઈનોમાં ભંગાણ પડેલ. મોટી સંખ્યામાં ટ્રાન્સફોર્મર ફેઈલ થયેલ. કુલ ૧૧૭૬ ફીડરો, ૬૨૨૫ જેટલા વીજ-થાંભલા, ૨૩૫ કી.મી. એચ.ટી. લાઈન ૧૨૫ કી.મી. એલ.ટી. લાઈન, ૩૨૫ નંગ ટ્રાન્સફોર્મર સેન્ટરો, ૨૩૭૮ ટ્રાન્સફોર્મર્સ ફેઈલ થયેલ, થ્રી ફેઈઝના ૩૦૨૨ કનેકશનો તેમજ ૧૧,૫૮૯ સિંગલ ફેઈઝ કનેકશનો વીજ-પુરવઠો ખોરવાયેલ.

તારાજી સમયે અગમચેતીના ભાગરૂપે વિભાગીય કચેરી કક્ષાએ કાર્યપાલક ઈજનેરશ્રીના તાબા હેઠળ કંટ્રોલરૂમ શરૂ કરીને વીજ પુનઃસ્થાપનની કામગીરી ત્વરિત હાથ ધરવામાં આવેલ. કુલ ૨૦૬ જેટલી યુજીવીસીએલની ટીમ અને ૪૭ જેટલી કોન્ટ્રકટરની ટીમો દ્વારા વીજ-વિતરણ બહાલ થાય તે માટે પ્રયત્નો હાથ ધરવામાં આવેલ. ૩૦૦૦ જેટલા વીજ-થાંભલા સંભવિત વિસ્તારોમાં પહોચાડવામાં આવેલ. જરૂરી આવશ્યક સામગ્રી વિભાગીય કક્ષાએ તૈયાર રાખવામાં આવેલ. કોરોનાની મહામારીને લીધે અતિ આવશ્યક એવી ૨૬૦ જેટલી કોવિડ હોસ્પિટલોમાં વિના વિક્ષેપે વીજ-પુરવઠો ચાલુ રહે તે માટે ૮૮ (અઠ્યાશી) જેટલા ઈજનેરોને જવાબદારી સોપવામાં આવેલ. અન્ય વિકલ્પ તરીકે ડી.જી. સેટની વ્યવસ્થા હોસ્પિટલ સાથે સંકલન કરીને કરાવવામાં આવેલ.

કોરોનાની મહામારી દરમ્યાન દર્દીઓને અતિઆવશ્યક એવી ઓક્સીજન વ્યવસ્થા જળવાઈ રહે તે માટે બાવીસ જેટલા ઓક્સીજન પ્લાન્ટ્સને વીજ-વિક્ષેપ થાયતો વૈકલ્પિક રીતે અન્ય ફીડર પરથી વીજ-પુરવઠો આપી શકાય તેવી વ્યવસ્થા ઉભી કરેલ.

**મહુવા**


યુજીવીસીએલ, મહેસાણા સર્કલની મહુવા પીજીવીસીએલ ખાતેની કામગીરી.

અનુભવી અધિકારીઓની નિયુક્તિ વીજ પુનઃસ્થાપન માટે કરવામાં આવેલ વીજ-વિતરણ વ્યવસ્થા માટે પ્રથમ અગ્રતા કોવિડ હોસ્પિટલો, ઓક્સિજન પ્લાન્ટ્સ, સરકારી ઓફિસોના મકાનો તેમજ વોટર વર્કસને આપવાનું આયોજન હાથ ધરવામાં આવેલ.

વીજ-વિતરણની વ્યવસ્થાનું કુલ રૂ. ૨૭૬૪.૯૩ લાખનું નુકસાન થયેલ. યુજીવીસીએલના વીજ પુનઃસ્થાપનની કામગીરી માટે કુલ ૪૯૨ જેટલા ઈજનેરો, આમ કુલ ૫૪૪૮ જેટલા માણસોની કામગીરી માટેનું સુદ્રઢ આયોજન કરવામાં આવેલ. કુલ ૧૨૭૮ લાખનો અંદાજીત ખર્ચ સાથે માણસો પાસેથી વિવિધ કામગીરી લેવાનું આયોજન કરવામાં આવેલ. કુલ અંદાજીત ખર્ચ રૂ. ૪૦૪૨.૯૩ લાખ થવાની અપેક્ષા રાખવામાં આવેલ.

તા. ૧૭ થી તા. ૧૯ દરમ્યાન ત્રાટકેલા તાઉ'તે વાવાઝોડાને લીધે ઉપસ્થિત થયેલ પરિસ્થિતિને તા. ૨૩-૫-૨૦૨૧ યાને માત્ર પાંચ જ દિવસમાં વીજ-પુરવઠો પુનઃસ્થાપિત કરીને વીજ-વિતરણ વ્યવસ્થા બહાલ કરવામાં આવેલ. તમામ કર્મચારીઓના સહિયારા પુરુષાર્થ અને કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન અને મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યાના નેતૃત્વ હેઠળ વધુ એકવાર કુદરતી આપત્તિના સમયમાં સફળ કામગીરી કરીને કંપનીના માનવંતા ગ્રાહકોનો વિશ્વાસ સંપાદન કરવાનું ભગીરથ કાર્ય કરેલ છે. ઉપરાંત પશ્ચિમ ગુજરાત વીજ કંપનીના કાર્યક્ષેત્રમાં તમામ પ્રકારનો સહયોગ આપીને સરાહનીય કામગીરી કરેલ છે. સફળ કામગીરી માટે માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, ઊર્જા મંત્રીશ્રી સૌરભભાઈ પટેલ, ઊર્જા રાજ્યમંત્રી શ્રી પ્રદિપસિંહ જાડેજા ઉપરાંત એડિશનલ ચીફ સેક્રેટરી શ્રીમતી સુનયના તોમર, યુજીવીસીએલના અધ્યક્ષ અને મેનેજિંગ ડિરેક્ટરશ્રી ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડના શ્રીમતી શાહમીના હુસૈને પ્રસન્નતા અનુભવી કર્મચારીઓની કામગીરી બિરદાવેલ છે. ■

## પીજીવીસીએલની વ્હારે યુજીવીસીએલ

વર્ષોથી ચાલી આવતી પરંપરા મુજબ અન્ય સંસ્થાઓને આફતના સમયે મદદ કરવાની નેમ સાથે ૪૫ (પિસ્તાલીસ) જેટલી ટીમો ઉપરાંત ૪૭ (સુડતાલીસ) જેટલી કોન્ટ્રકટરની ટીમો પશ્ચિમ ગુજરાત વીજ કંપની માટે કુલ ૫૫ (પંચાવન) જેટલા ઈજનેરો, ૨૫૦ જેટલો લાઈન સ્ટાફ તેમજ ૧૪૦ જેટલા એપ્રેન્ટિસ લાઈનમેન, ૫૫ જેટલા વાહનો ઉપરાંત ૩૨૮ જેટલા મજૂરોની વ્યવસ્થા કરવામાં આવેલ.

વીજ પુરવઠો ઝડપથી સ્થાપિત થાય તે માટે ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડની સૂચના મુજબ કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ દ્વારા ભાવનગર ખાતે પીજીવીસીએલના વિસ્તારમાં થઈ રહેલ કામગીરીની દેખરેખ લેવામાં આવેલ.



૩૫૦૮ જેટલો લાઈન સ્ટાફને સમગ્ર કામગીરીમાં જોતરવાનું આયોજન કરેલ. કોન્ટ્રાક્ટરની કુલ ૧૧૦ ટીમના ૮૮૦ જેટલા માણસોને કામગીરીમાં લેવાનું પણ આયોજન કરેલ. ટ્રી-કટિંગ માટે કુલ ૫૬૮ જેટલા મજુરોને કામે લગાડવામાં આવેલ.

### વિજાપુર



તારીખ ૧૮-૦૫-૨૦૨૧ના રોજ યુજીવીસીએલ, વિજાપુર પેટાવિભાગીય કચેરીના તાબા હેઠળના ગણેશ ઈન્ડસ્ટ્રિયલ ફીડર જે પવન ઓક્સિજન પ્લાન્ટને વીજ પુરવઠો પુરો પાડે છે તે ફીડરની લાઇન ઉપર પતરું ઉડીને પડતાં તાત્કાલીક ડીઝાસ્ટર ટીમનો સંપર્ક કરી પેટાવિભાગીય કચેરીના નાયબ ઈજનેર, શ્રી એ.આર. સોલંકી રૂબરૂ હાજર રહી ક્રેન દ્વારા પતરું ઉતરાવી વીજ પુરવઠો તાત્કાલિન પૂર્વવત્ કરેલ.

સ્થળઃ ગોવિંદ પુરા રોડ, તમાકુ માર્કેટની બાજુમાં, વિજાપુર.

# ઊર્જામંત્રી શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા "Awards and Achievements" પુસ્તકનું વિમોચન

## યુજીવીસીએલની ઐતિહાસિક કામગીરી દર્શાવતું પુસ્તક તેમજ દ્વીમાસિક ઈ-ન્યુઝલેટરનું વિમોચન


સન્માન


સન્માન


સન્માન


સન્માન


'આપણું યુજીવીએલ' પુસ્તકનું વિમોચન


"Awards and Achievements" પુસ્તકનું વિમોચન

દરેક જાહેર સાહસની એ જવાબદારી હોય છે કે તે પોતાની મુખ્ય કામગીરી ઉપરાંત, તેને સંલગ્ન લોકો સાથે જીવંત સંવાદના સેતુ ઊભા કરે અને તેને સતત જાળવે. યુજીવીસીએલ વર્ષ ૨૦૦૫થી અસ્તિત્વમાં આવ્યા બાદ સતત પોતાની યશસ્વી કામગીરી પોતાના માનવંતા ગ્રાહકો અને સરકારશ્રીને પહોંચાડીને પોતાની જવાબદારી સુપેરે નિભાવી રહેલ છે.

આ જ હેતુથી, ગુજરાતની અગ્રણી વીજ વિતરણ કંપની ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા છેલ્લાં પંદર વર્ષથી નિયમિત રીતે **'આપણું યુજીવીસીએલ'** નામે એક માહિતીસભર, દ્વીમાસિક ઈ-ન્યૂઝલેટરનું પ્રકાશન કરવામાં આવે છે. કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘના માર્ગદર્શન હેઠળ શ્રી શૈલેશ નાયક, મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) દ્વારા સંપાદિત આ ઈ-ન્યૂઝલેટરની ૫૯ અને ૬૦મી આવૃત્તિ તથા તેની સાથોસાથ ઉત્તર ગુજરાત વીજ કંપનીને મળેલા ગૌરવપૂર્ણ સન્માનોની ઝાંખી રજૂ કરતા "Awards and Achievements" પુસ્તકનું વિમોચન રાજ્યના ઊર્જા મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા તા. ૦૯-૦૬-૨૦૨૧ના રોજ સ્વર્ણિમ સંકુલ-૧ના કાર્યાલય ખાતે કરવામાં આવેલ છે.


વિચારવિમર્શ

ઉત્તર ગુજરાત વીજ કંપની દ્વારા નીત નવી પહેલ કરીને, કર્મચારીઓ વચ્ચે આંતરિક તથા વીજ ગ્રાહકો સાથે સંવાદ જાળવીને પોતાની કાર્યકુશળતાને બહેતર બનાવી રહી છે. ત્યારે "Awards and Achievements" પુસ્તક કંપની વિષેની ઐતિહાસિક માહિતી ગ્રાહકો સમક્ષ રજૂ કરી રહી છે. વિમોચન પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર, શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર, શ્રી પી. બી. પંડ્યા, શ્રી વી. એમ. શ્રોફ, ખાસ ફરજ પરના અધિકારી શ્રી આર. બી. પટેલ અને બંને પુસ્તકના સંપાદક શ્રી શૈલેશ નાયક, ઇન્ચાર્જ મેનેજર (કોર્પોરેટ કમ્યુનિકેશન) ઉપસ્થિત રહેલ.

માનનીય મંત્રી, શ્રી સૌરભભાઈ પટેલ દ્વારા ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ દ્વારા કરવામાં આવી રહેલ ગ્રાહકલક્ષી કામગીરીને બિરદાવી પુસ્તક અંગે પ્રસન્નતાની લાગણી વ્યક્ત કરેલ. ■




# કોરોનાકાળમાં યુજીવીસીએલએ પોતાના અમુલ્ય અસ્કયામત સમાન એકાવન વીજકર્મીઓ ગુમાવ્યા

## યુજીવીસીએલ પરિવાર ઊંડા દુઃખ સાથે હ્રદયપૂર્વકની શ્રદ્ધાંજલિ અર્પે છે.

તા. ૦૧-૦૪-૨૦૦૫થી ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠનથી અસ્તિત્વમાં આવેલી ઉત્તર ગુજરાત વીજ કંપનીએ ૧૬ વર્ષના ટૂંકા ગાળામાં ૨૯ જેટલા રાષ્ટ્રીય અને રાષ્ટ્રીય કક્ષાના એવોર્ડ્ઝ પ્રાપ્ત કરીને પોતાની યશકલગીમાં અનેક પીંછાઓ ઉમેર્યા છે. કંપનીએ સર કરેલ સફળતાના ઉચ્ચ શિખરોમાં કંપનીના નાનામાં-નાના કર્મચારીથી લઈને ઉચ્ચ-અધિકારીઓએ પોતાનામાં રહેલી કાર્યક્ષમતાનો પરિચય આપેલ છે. જયારે કંપનીના તમામ કર્મચારીઓના સહિયારા પુરુષાર્થથી પ્રયત્ન કરે ત્યારે અસામાન્ય સિદ્ધિઓ હાસલ થઇ શકે અને ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ હાલમાં ભારતની અગ્રગણ્ય વીજ-વિતરણ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ છે. કર્મચારીઓનો ફાળો હંમેશા ખૂબ જ મહત્ત્વનો રહ્યો છે. તેઓનું યોગદાન ક્યારેય વિસરી શકાય નહીં.

લગભગ છેલ્લા દોઢ વર્ષથી વિશ્વની તમામ પ્રજા એક અણદીઠ્યા ભયથી સંક્રમિત થઈ રહી છે. એક સૂક્ષ્મ વાઈરસે સમગ્ર વિશ્વની પ્રજાની જીંદગીને બાનમાં લઈ લીધી છે. વિશ્વના સર્વ શ્રેષ્ઠ વૈજ્ઞાનિકોએ સૂક્ષ્મ વાઈરસ કે દૂનિયા જેને કોરોનાથી ઓળખે છે, એને નાથવાના પ્રયત્નમાં સતત લાગી રહ્યા છે. પણ વિશ્વના તમામ આરોગ્યકર્મીઓ એને નાથવાના પ્રયત્નો કરી રહ્યા છે. જેમાં અસંખ્ય આરોગ્યકર્મીઓ પોતાના કુટુંબીજનોને નિરાધાર મૂકી આ સૃષ્ટિ છોડી ગયા. પણ જે પાછળ જીવતા રહી ગયાં છે એમના માટે છતી જિંદગીએ મોત દેખાડી દીધું છે. આ તમામમાં એક ટીમ તરીકે કામ કરતા યુજીવીસીએલના વીજકર્મીઓ પણ ભોગ બન્યા.

કેટલાય વીજ કર્મીઓ લોકોની સેવા કરતાં કરતાં જાણ્યે અજાણ્યે એનો ભોગ બની ગયા. સમયસરની સારવાર, પરિવારની હૂંફ, મિત્રોની હૂંફ અને ડૉક્ટર્સની અસીમિત સારવાર તેમજ પરમ કૃપાળુ પરમાત્માને કરેલ પ્રાર્થનાઓ છતાં તેઓને ના બચાવી શક્યા. મોટાભાગના વીજકર્મીઓ 35-45 વર્ષની ઉંમર વચ્ચેના જ હતાં કે જેઓએ પોતાના કુટુંબને મધદરિયે બીજાને આશરે છોડી પોતાનો દેહ ત્યાગી ગયા. શું એમને અંતિમ ક્ષણે કોઈ વેદના નહીં થઈ હોય? શું એમને પોતાના પરિવારની પોતાના ગયા પછી શું થશે એની ચિંતા નહીં થઈ હોય? યસ, થઈ જ હશે. પણ કુદરત આગળ કોઈનું કંઈ ચાલ્યું છે? પોતાની પાછળ પોતાના પરિવારની અફાટ વેદનાઓ છોડી ચાલી ગયા. પરિવારની હાલત/ વેદના તો જેમણે એ નજીકથી જોઈ હશે, એમણે જ અનુભવી હશે. વિધવા પત્ની અડધી રાત્રે અચાનક ઝબકીને જાગી જતી હશે. નાનકડો પુત્ર કે પુત્રી રોજ સાંજે ઘરના દરવાજે ઉભા રહી હમણાં પપ્પા આવશે અને ચોકલેટ લેતા આવશે એ આશાએ રાહ જોતાં હશે, એ નાનકડાં જીવને સમજણ જ નહીં હોય કે જેમના થકી એમનું જીવન હતું એ તો ક્યારનાય વિલીન થઈ ગયા છે. એ માતા પર બાળકોની આવી હાલત જોઈ શું વીતતી હશે? ક્યારેય કલ્પના કરી શકાશે? વસમો સમય છે, કુદરત નિષ્ઠુર બની છે, માનવ દાનવ બન્યો છે. કોને કોને ફરિયાદ કરશો કે જ્યારે ભગવાન જ વેરી બન્યો છે? જે વિકટ ઘડી આવી છે એનો સામનો કર્યે જ છૂટકો છે, અન્ય કોઈ ઉપાય નથી.




વિશ્વમાં અસંખ્ય લોકો મા, બાપ, પુત્ર, પુત્રી સગા સંબંધી વિનાના થઈ ગયાં છે. કોણ કોને દિલાસો આપે એ જ કોઈ સમજી શકે એમ નથી. બસ સમય જ એક માત્ર ઉપાય છે. અને સમય જ બધાં દર્દને ભૂલાવી પણ દે છે. પણ તેમ છતાં જનારની યાદો ક્યારેય નથી

ભૂલાતી. આ વસમા સમયમાં હાલ તો માત્ર એક જ ઉપાય છે કે, કોરોનાથી બચવાના જે કોઈ ઉપાય છે એ તમામ ઉપાયો થકી આપણે આપણાં પરિવાર માટે પોતાનું જીવન બચાવવું જ પડશે. બાકી એ ચોક્કસ નક્કી છે કે **“આ સમય પણ વીતી જ જશે”** સમય વીતતો જાય છે યાદો અકબંધ રહે છે. આપણે સૌએ સહૃદયી શ્રધ્ધેય, સહકર્મીઓ ગુમાવ્યા છે. હરપળ સાથ આપનાર સાથી મિત્રોની છત્રછાયા ગુમાવી, રોજ સાથ આપનાર મિત્રોના કૌટુંબિક સ્વપ્નો ઈશ્વરે ધૂમિલ બનાવી દીધા સમય સાથે એક વસવસો કાયમ રહેશે, રોજ મળતા આ કેટલાક મિત્રો પરમકૃપાળુ પરમાત્માની નિકટ અને આપણા સૌથી દુર ચાલ્યા ગયા છે.

બસ એ નિશ્ચિત સમયની રાહ જોઈ પોતાને અને પોતાનાંઓને બચાવવાં. વીજ કર્મીઓનાં કમોતે ઘણી બધી અવ્યવસ્થા સર્જાઈ છે. યુજીવીસીએલ પરિવાર પણ એના માટે ખૂબ લાગણીશીલ બનેલ છે, પણ હવે એનો કોઈ ઉપાય નથી રહ્યો. તમામ વીજ કર્મીઓ કે જે માનવીય નિર્દયતાને કારણે ઉદભવેલ પરિસ્થિતિનો ભોગ બન્યા છે. એમના પરિવારને આ આક્સ્મિક બનાવને પહોંચી વળવા કુદરત મદદ કરે, હિંમત આપે તથા પ્રભુ તેઓના આત્માને ચિર શાંતિ અર્પે તેમજ તેમના પરિવારજનો તરફથી તે તમામને પારિવારિક હૂંફ મળી રહે તેવી અપેક્ષા એકસાથે ખૂબ જ ટૂંકા સમયમાં આપણાથી વિખુટા પડેલા યુજીવીસીએલ પરિવારના સભ્યો આપણા હૃદયમાં તેઓની યાદો સાથે હંમેશા જીવંત રહેશે તેવી અભ્યર્થના.






**શ્રી યુ. એન. કોઠારી**
ઈલે.આસી. (વિ.એસ.)
પે.વિ.કચેરી, ચોરીવાડ
**અવસાન**
તા. ૩૧-૧૦-૨૦૨૦



**શ્રી એ. ડી. પ્રજાપતિ**
લાઈન ઈન્સ્પેક્ટર,
બારેજા પે.વિ.કચેરી
**અવસાન**
તા. ૦૧-૧૨-૨૦૨૦



**શ્રી ડી. એમ. રાવત**
આસીસ્ટન્ટ લાઇનમેન,
ભીલડી પે.વિ. કચેરી
**અવસાન**
તા. ૧૦-૧૨-૨૦૨૦



**શ્રી વાય. એ. ઘોરી**
કાર્યપાલક વહીવટ વર્તુળ
કચેરી, પાલનપુર
**અવસાન**
તા. ૧૫-૧૨-૨૦૨૦



**શ્રીમતી પૂજા જય શાહ**
જૂની.આસી., ગાંધીનગર અર્બન
વિભાગીય કચેરી, ગાંધીનગર
**અવસાન**
તા. ૧૭-૦૪-૨૦૨૧




**શ્રી વી. પી. ચાવડા**
સિનિયર આસિસ્ટર,
ધંધુકા પે.વિ.કચેરી
**અવસાન**
તા. ૧૮-૦૪-૨૦૨૧



**શ્રી વી. બી. ચૌધરી**
સીની.આસી., ધોળકા-ગ્રામ્ય
પેટા વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૦-૦૪-૨૦૨૧



**શ્રી એસ. એમ. કરેણ**
ઈલે. આસિસ્ટન્ટ,
વડગામ પે.વિ. કચેરી
**અવસાન**
તા. ૨૦-૦૪-૨૦૨૧



**શ્રી આર.આર. પટેલ**
લાઇન મેન, દિયોદર-૧
પે.વિ.કચેરી
**અવસાન**
તા. ૨૧-૦૪-૨૦૨૧



**શ્રી જી. એન. પટેલ**
સિનિયર આસિસ્ટન્ટ,
મહેસાણા વર્તુળ કચેરી
**અવસાન**
તા. ૨૩-૦૪-૨૦૨૧



**કુ. એસ. આઈ. મિર્ઝા**
સીની.આસી., હિંમતનગર
સર્કલ ઓફિસ
**અવસાન**
તા. ૨૩-૦૪-૨૦૨૧



**શ્રી એસ.બી. પટેલ**
આસી.લાઇનમેન, પેટા
વિભાગીય કચેરી,પ્રાંતિજ
**અવસાન**
તા. ૨૪-૦૪-૨૦૨૧



**શ્રી જે. આર. પ્રજાપતિ**
ઈલે.આસિસ્ટન્ટ, પેટા
વિભાગીય કચેરી, પ્રાંતિજ
**અવસાન**
તા. ૨૪-૦૪-૨૦૨૧



**શ્રી જે. બી. શેખ**
ઈલે. આસી., કલોલ પેટા
વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૪-૦૪-૨૦૨૧



**શ્રી સી. જે. દરબાર**
આસી. લાઇનમેન, પેટા
વિભાગીય કચેરી, ચાણસ્મા
**અવસાન**
તા. ૨૫-૦૪-૨૦૨૧



**શ્રી આર. એ. પટેલ**
ઈલે.આસિસ્ટન્ટ, રણુંજ પેટા
વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૫-૦૪-૨૦૨૧



**શ્રી એમ. વી. પ્રજાપતિ**
લાઈનમેન, પેટા વિભાગીય
કચેરી, જેરડા
**અવસાન**
તા. ૨૫-૦૪-૨૦૨૧



**શ્રી કે. ડી. જોષી**
નાયબ ઈજનેર, પાટણ શહેર-
પેટા વિભાગીય કચેરી-૨
**અવસાન**
તા. ૨૭-૦૪-૨૦૨૧



**શ્રી એમ. વી. લિંબાત**
લાઈનમેન, પેટા વિભાગીય
કચેરી, લોદરા
**અવસાન**
તા. ૨૮-૦૪-૨૦૨૧



**શ્રી બી. ડી. તાબિયાડ**
આસી. લાઇનમેન,
ચીલોડા-૧ પે.વિ. કચેરી
**અવસાન**
તા. ૨૮-૦૪-૨૦૨૧



**શ્રી એન. એલ. ધુસા**
ઈલે. આસીસ્ટન્ટ, પેટા
વિભાગીય કચેરી, હારીજ
**અવસાન**
તા. ૨૯-૦૪-૨૦૨૧



**શ્રી ડી. એસ. પંચીવાલા**
લાઇન ઈન્સ્પેક્ટર, ડીસા
વિભાગીય કચેરી-૨
**અવસાન**
તા. ૨૯-૦૪-૨૦૨૧



**શ્રી પી. વી. પરમાર**
લાઈન મેન, પે.વિ. કચેરી
કલોલ સીટી
**અવસાન**
તા. ૩૦-૦૪-૨૦૨૦



**શ્રી આર. બી. ડામોર**
લાઈન ઇન્સ્પેક્ટર,
ભિલોડા-૨. પે.વિ. કચેરી
**અવસાન**
તા. ૦૧-૦૫-૨૦૨૧



**શ્રી એ. કે. સોલંકી**
પ્યૂન, વિરમગામ-રૂરલ
પે. વિ. કચેરી
**અવસાન**
તા. ૦૧-૦૫-૨૦૨૧



**શ્રી પી. જે. રાઠોડ**
ઈલે. આસીસ્ટન્ટ, પેટા
વિભાગીય કચેરી, લાડોલ
**અવસાન**
તા. ૦૨-૦૫-૨૦૨૧



**શ્રી એ. આઈ. મોરવાડીયા**
લાઈનમેન,
પેટા વિભાગીય કચેરી,થરા
**અવસાન**
તા. ૦૨-૦૫-૨૦૨૧



**શ્રી વી. ટી. મકવાણા**
અધિક્ષક હિસાબનીશ,
વિભાગીય કચેરી-૨, ડીસા
**અવસાન**
તા. ૦૩-૦૫-૨૦૨૧



**શ્રી જે. ડી. ખરાડી**
આસી. લાઈનમેન, પેટા
વિભાગીય કચેરી, દહેગામ
**અવસાન**
તા. ૦૪-૦૫-૨૦૨૧



**શ્રી એ. પી. રાઠોડ**
જુનિયર ઈજનેર, પેટા
વિભાગીય કચેરી, સાઠંબા
**અવસાન**
તા. ૦૪-૦૫-૨૦૨૧



**શ્રી એચ. એમ. રાઠોડ**
જુનિયર આસિસ્ટન્ટ, પેટા
વિભાગીય કચેરી, વિજાપુર
**અવસાન**
તા. ૦૫-૦૫-૨૦૨૧



**શ્રી જે. એમ. પરમાર**
આસી. લાઇનમેન, પેટા
વિભાગીય કચેરી, નરોડા
**અવસાન**
તા. ૦૫-૦૫-૨૦૨૧



**શ્રી એ. બી. મકવાણા**
સિનિયર આસિસ્ટન્ટ,
શહેર પે.વિ.કચેરી, ડીસા
**અવસાન**
તા. ૦૬-૦૫-૨૦૨૧



**શ્રી એચ. બી. પ્રજાપતિ**
ઈલે.આસી., પેટા વિભાગીય
કચેરી, મોડાસા
**અવસાન**
તા. ૦૭-૦૫-૨૦૨૧



**શ્રી એચ. એસ. ખમાર**
લાઈનમેન, પેટા વિભાગીય
કચેરી, લાડોલ
**અવસાન**
તા. ૧૧-૦૫-૨૦૨૧




**શ્રી આર. એન. અસારી**
લાઈન ઈન્સ્પેકટર, જી.ઈ.કે.
સી. વર્તુળ કચેરી મહેસાણા
**અવસાન**
તા. ૧૨-૦૫-૨૦૨૧



**શ્રી પી. એસ. પટેલ**
એમ.ટી, સાબરમતી
વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૧૪-૦૫-૨૦૨૧



**શ્રી એસ. એચ. પટેલ**
નાયબ અધિક્ષક (વહીવટ),
સિદ્ધપુર વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૧૬-૦૫-૨૦૨૧



**શ્રી આર. કે. દામા**
ઈલે. આસિસ્ટન્ટ, ધાનેરા-૨
પેટા વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૧૭-૦૫-૨૦૨૧



**શ્રી એમ. કે. પરમાર**
ઈલે. આસી., રણાસણ પેટા
વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૧૮-૦૫-૨૦૨૧



**શ્રી એન. એસ. ડામોર**
જુ.આસીસ્ટન્ટ, મોડાસા પેટા
વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૨-૦૫-૨૦૨૧



**શ્રી પી. એ. ઓજાત**
ઈલે. આસી., કોઠ, પેટા
વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૫-૦૫-૨૦૨૧



**શ્રી એમ. સી. નાયક**
જૂની. આસિસ્ટન્ટ, ધીણોજ
પેટા વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૬-૦૫-૨૦૨૧



**શ્રી જે. ડી. સુવેરા**
લાઈન ઈન્સ્પેકટર, વિજાપુર
પેટા વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૨૮-૦૫-૨૦૨૧



**શ્રી એ. પી. ભોજક**
નાયબ ઈજનેર, દિયોદર-૨
પેટા વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૩૦-૦૫-૨૦૨૧



**શ્રી ડી. જે. બારોટ**
લાઈનમેન (ટીએમએસ),
કલોલ વિભાગીય કચેરી
**અવસાન**
તા. ૩૧-૦૫-૨૦૨૧



**શ્રી એલ. એચ. મકવાણા**
ઈલે. આસિસ્ટન્ટ,
પ્રાંતિજ પે.વિ. કચેરી
**અવસાન**
તા. ૨૪-૦૪-૨૦૨૧




આજનો આ વર્તમાન,
મહામારીનું સંક્રમણ,
ને કમનસીબે,
ગુમાવ્યા ઘણાં સહકર્મી,
વિસ્મિત છું હું,
ઘરઘરમાં,
અજવાળું પાછરતો એ સૌની,
કાળની કરડી નજરથી,
ઓલવાઈ ગઈ જીંદગી,
ને, ખુદ ના ઘરમાં,
અંધારું સમાઈ ગયું,
છલકતી અમારી આંખોમાં,
યાદો પ્રતિબિંબિત થાય ને,
ગુમાવેલા મિત્રો,
તાદ્રશ્ય થાય છે.

– શ્રી એસ.બી. લીમ્બાચીયા
*ડી.ઈ.આર.એસ.ઓ.*
*(રીટાયર્ડ), મહેસાણા*

આંખો હજી શોધે છે,
મિત્રો મારા ક્યાં ગયા,
કાલ સુધી સાથે રહી
કેવી ધીંગા મસ્તી કરતાં,
કાળની રમત એવી રમાઈ
સમય ચક્ર એનું ભાન ભૂલ્યો.
વાઈરસ કંઈક એવો આવ્યો,
જીવન મૃત્યુ બદલાઈ ગયાં,
હસતાં ખેલતાં પરિવારની હાલત એવી થઈ,
સાંજે રોજ પાછો આવતો મોભી ને ખોઈ,
વરસાદ, વાવાઝોડાંને વળી ધરતીકંપ,
બધાને ઝુકાવ્યા એક રહી એક સંપ,
ના ડર્યો જે કર્મયોગી ક્યારેય,
કોરોનાને જોઈને પણ,
અવિરત કર્મ કરતો રહ્યો ના જોયો કોઈ ભય,
અજાણે લોકોને મળી બનતો રહ્યો પોઝીટીવ,
સેવા એ જ કર્મ યુજીવીસીએલનો એ સંદેશ,
૫૧ કર્મયોગી થયા નશ્વર રહી યાદો જ બસ શેષ,
આંખો થઈ હવે કોરી અશ્રુ પણ ના રહ્યા,
કુદરત તારા ઈશારે કેટલાય કુટુંબ થયા નોધારાં,
વિનંતી છે 'શૈલની' કંપનીને કર જોડી,
શહીદોના કૂટુંબની લેજો તમે કાળજી.

**– શ્રી શૈલેષ એમ. યાદવ**
*નાયબ ઈજનેર, પ્રાંતિજ*


ન પૂછ મને શું મારા હાલ,
મને જીવાડે છે તારા વ્હાલ,
તારા એ કોમળ હાથોમાં મારી જાન,
ભૂલ પર મારી પ્રેમથી પકડાવે કાન,
તું જ મારી તલવાર અને તું જ મારી ઢાલ,
મને જીવાડે છે તારા વ્હાલ...
પોતાની વાતમાં મને હા પડાવે,
મારા જ ઘરમાં રમુજથી મને ફસાવે,
માની જાય છે જો પ્રેમથી ફેરવું હાથ,
મને જીવાડે છે તારા વ્હાલ...
વાત અહીં સમજવી છે અઘરી,
વિષય છે અહીં 'મારી દીકરી'
બાપ પણ એની સામે પ્રણય છે બેહાલ,
મને જીવાડે છે તારા વ્હાલ...

*– શ્રી પ્રણય વાવડિયા, નાયબ અધિક્ષક (હિસાબ)*


મહેશ સર, આપ આયે UGVCL મેં જબ સે
મહેશ સર, આપ આયે યુજીવીસીએલ મેં જબ સે
યકાયક જીવિત હો ગયા હૈં ડિપાર્ટમેન્ટ, તબ સે
બિના દિશા કે, યૂં હી ફર્જ નિભાયે જા રહે થે
ખ્વાહિશે, હસરતેં, જિંદા હો ચલી, લબ સે
એક યહાં, એક વહાં, ના સોચ, ના ડગર થી
હાસિલ હુએ હર મકામ, એક જૂટ હોને પે, સબ સે
મંઝિલેં મિલતી ગઈ, કારવાં બનતા ગયા
સચ હુએ સપને, જો આંખોમેં થે, કબ સે
શિકાયતેં કમ, ઉમ્મીદેં જ્યાદા, રિશ્તેંકા દમ
હર સાંસ પે લિખા ગયા હક, આપ કા, અબ સે
ખુશહાલ હો આપકાં આનેવાલા હરઈક પલ
નયે સાલ મે યહીં ઈક દુઆ હૈં મેરી, રબ સે.

*– શ્રી એચ.બી. પટેલ, નિવૃત્ત કાર્યપાલક ઈજનેર, તલોદ*

# યુજીવીસીએલના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રનું કોરોનાની બીમારીને લીધે દુઃખદ અવસાન



તા. ૧૯-૦૬-૨૦૨૧ના રોજ ઉત્તર ગુજરાત વીજ કંપનીના ભૂતપૂર્વ અધ્યક્ષ શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રનું કોરોનાની બીમારીને લીધે દિલ્હી ખાતે એઈમ્સ હોસ્પિટલમાં દુઃખદ અવસાન થયેલ છે. તા. ૧૫-૦૨-૨૦૦૬થી તા. ૧૫-૧૦-૨૦૧૧ના સમયગાળા દરમ્યાન તેઓએ યુજીવીસીએલના અધ્યક્ષ તરીકે કામગીરી કરેલ. તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન ગુજરાત વિદ્યુત બોર્ડના પુનર્ગઠન બાદ ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડની વ્યાવસાયિક ધોરણે શરૂઆત થયેલ. તેઓશ્રીના માર્ગદર્શન નીચે શરૂઆતના સમયમાં કંપનીની કાર્યપદ્ધતિ અને ઉચ્ચ પ્રણાલિકાઓ મેનેજિંગ ડિરેક્ટર શ્રી એચ.એસ. પટેલ, શ્રી એ.કે. વર્મા અને શ્રી એન. શ્રીવાસ્તવના યોગ્ય સંકલન સાથે પ્રસ્થાપિત કરવામાં આવેલ. જેની પગદંડી અનુસાર આજે પણ કંપની ઉત્તરોત્તર પ્રગતિના શિખરો સર કરી રહી છે. ખૂબ ઝડપથી દેશની અગ્રગણ્ય વીજ કંપની તરીકે પ્રસ્થાપિત થયેલ ઉત્તર ગુજરાત વીજ કંપનીના શરૂઆતના સંક્રમણ કાળમાં મજબૂત પાયો નાખવાનું કામ કરનાર સ્વર્ગસ્થ મહાપાત્રની કામગીરી યુજીવીસીએલમાં કાયમ માટે ચિરંજીવી રહેશે. શરૂઆતના સમયમાં ભારતના તત્કાલિન વડાપ્રધાન ડૉ. મનમોહન સિંઘના વરદ હસ્તે વીજ વિતરણ ક્ષેત્રે ઉત્કૃષ્ટ કામગીરી બદલ “બ્રોન્ઝ શીલ્ડ” પ્રાપ્ત કરી કંપનીના ભાવિ વિકાસની યશગાથા ઉપર મહોર મારવાનું કામ શરૂ કરેલ. કંપનીકરણની પ્રક્રિયા સરળતાથી હાથ ધરી કર્મચારીઓ માટે નવીન મકાનોની સગવડો તેમજ ગ્રાહકોને “સર્વોત્તમ સેવા થકી સંતોષ” આપવાના ધ્યેયને ચરિતાર્થ કરવા માટેનું તેઓનું યોગદાન હમેશા યાદગીરીરૂપ રહેશે. તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન રાષ્ટ્રને સતત ૨૪ કલાક વીજળી પૂરી પાડવાની મહત્વકાંક્ષી “જ્યોતિગ્રામ” યોજના કાર્યાન્વિત થયેલ. તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. એપીજે અબ્દુલ કલામના વરદ્ હસ્તે તા. ૧૧.૧૧.૨૦૦૬ના રોજ તત્કાલિન મુખ્યમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીની ઉપસ્થિતિમાં પાવાગઢ ખાતે કરવામાં આવેલ. તેઓશ્રીના કાર્યકાળ દરમ્યાન યુજીવીસીએલએ ૬ (છ) જેટલા રાષ્ટ્રિય અને રાષ્ટ્રિયકક્ષાના એવોર્ડ્ઝ વિવિધ ક્ષેત્રની ઉત્કૃષ્ટ કામગીરી માટે પ્રાપ્ત કરેલ.





યુજીવીસીએલ ઉપરાંત ગુજરાત સરકારમાં પોતાના કાર્યકાળ દરમ્યાન તેઓશ્રી એ ખૂબ જ પ્રશંસનીય કામગીરી કરીને સરકારશ્રીના ચુનંદા અધિકારી તરીકે પોતાની આગવી ઓળખ ઉભી કરેલ. તેઓશ્રીની કામગીરીથી પ્રભાવિત થઈને કેન્દ્ર સરકારમાં તેઓની પ્રતિનિયુક્તિના ધોરણે નિમણૂંક કરવામાં આવેલ. ઉત્કૃષ્ટ કામગીરી દ્વારા કેન્દ્ર સરકારમાં પોતાની આગવી શાખ ઉભી કરેલ. તેઓના અવસાનના સમાચાર બાદ માનનીય રાષ્ટ્રપતિ શ્રી રામનાથ કોવિંદ,







Pained to learn about the untimely demise of Dr Guruprasad Mohapatra, DPIIT Secretary. An outstanding bureaucrat, his work ethics and dedication to public service will remain worthy of emulation. My deepest condolences to his family, friends and colleagues




**Ram Nath Kovind,**
President

Saddened by the demise of Dr Guruprasad Mohapatra, DPIIT Secretar. I had worked with him extonsively in Gujarat and at the Centre. He had a great understanding of administrative issues and was known for his innovative zeal. Condolences to his family and friends. Om Shanti




**Narendra Modi,**
PM

Dr Guruprasad Mohapatra, DPIIT Secretary, was a very able and hardworking officer. His untimely demise is very saddening. My thoughts and prayers are with his bereaved family in this hour of grief. Om Shanti Shanti



**Amit Shah,**
Union Home Minister

Extremely saddened to hear about the loss of Dr. Guruprasad Mohapatra, Secretary DPIIT. I had worked with him extensively in Gujarat. His long-standing service and dedication to the Nation have left a lasting impact. Convey my deepest sympathies to his family and friends.



**Saurabh Patel,**
Hon'ble Energy Minister

માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી, માનનીય ગૃહમંત્રી શ્રી અમિત શાહ, માનનીય મુખ્યમંત્રી શ્રી વિજયભાઈ રૂપાણી, માનનીય ઊર્જા મંત્રી શ્રી સૌરભભાઈ પટેલ ઉપરાંત અગ્રગણ્ય રાજકારણીઓ અને ખ્યાતનામ વ્યક્તિઓ દ્વારા સોશિયલ મીડિયાના માધ્યમથી શ્રદ્ધાંજલિ અર્પણ કરેલ છે.

શ્રી ગુરુપ્રસાદ મહાપાત્રના અવસાનના સમાચારથી ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પરિવારમાં ઘેરા શોકની લાગણી જોવા મળેલ છે. પરમકૃપાળુ પરમાત્મા તેઓના આત્માને ચિરશાંતિ અર્પે તેવી પ્રાર્થના કરે છે, અને તેઓશ્રીના કુટુંબીજન પર આવી પડેલ અણધાર્યા સંકટને સહન કરવાની શક્તિ અર્પે તેવી પ્રાર્થના કરે છે. ■

## પ્લાસ્ટિક મુક્તિ અભિયાન (PMA) સામાજિક સંદેશ

કોર્પોરેટ ઓફિસ ખાતે વિશેષ મહાપ્રબંધક (એચઆર) તરીકે ફરજ બજાવતા, શ્રી એ.સી. પ્રજાપતિના સુપુત્ર ચિ. કવન દ્વારા ભારતના વડા પ્રધાન, માનનીય શ્રી નરેન્દ્રભાઈ મોદીના પ્લાસ્ટિક મુક્તિ અભિયાન અંતર્ગત પ્રેરણા લઈને પોતાના અભ્યાસ કાળ દરમ્યાન સોશિયલ વર્કમાં અનુસ્નાતકની પદવી મેળવવાના સમય દરમ્યાન સામાજિક પ્રવૃત્તિ કરવાનો નિર્ધાર કર્યો. એક અભ્યાસ દ્વારા એવું પ્રતિપાદિત થયેલ છે કે, સામાન્ય રીતે એક જ વખત વાપરવામાં આવેલ પ્લાસ્ટિકની વસ્તુ દ્વારા કચરો સૌથી વધુ માત્રામાં સર્જાતો હોય છે જે સરકારશ્રી દ્વારા માનનીય વડાપ્રધાનશ્રી દ્વારા કરવામાં આવેલ અપીલને ધ્યાનમાં લઈને 'સિંગલ યુઝ' એક જ વખત વાપરવામાં આવેલ પ્લાસ્ટિકમાંથી મુક્તિ આપવાના અભિયાનના ભાગરૂપે પ્રેરણા લઈને પ્લાસ્ટિક મુક્તિ અભિયાનની પ્રેરણારૂપ શરૂઆત કરેલ છે, મિત્રો સાથે મળીને પ્લાસ્ટિકની બેગને બદલે વાપરી શકાય તેવી લોગ ભુવન બેગની ૪૦૦ની માત્રામાં વહેચણી કરવામાં આવેલ.

પ્રવૃત્તિની નોંધ વર્તમાનપત્રો દ્વારા લેવામાં આવેલ છે તેમજ ગુજરાત સરકારના નાયબ મુખ્યમંત્રી, માનનીય શ્રી નીતિનભાઈ પટેલ દ્વારા અભિવાદન કરીને પ્રોત્સાહિત કરવામાં આવેલ છે. જરૂરિયાતમંદ ગરીબ લોકોનું શિયાળાની તીવ્ર ઠંડી સામે રક્ષણ મેળવવા ધાબળાનું વિતરણ, લોકડાઉન દરમ્યાન ૪૦૦થી વધુ જરૂરિયાતમંદ લોકોને ફૂડ કીટનું વિતરણ તેમજ પ્લાસ્ટિક મુક્તિ અભિયાનનો સહયોગ દર્શાવતી નાટિકા પિતા શ્રી એ.સી. પ્રજાપતિ, વિશેષ મહાપ્રબંધક (એચઆર)ના સહયોગથી કરેલ છે. આમ પોતાના અભ્યાસ સાથે માનવીય અભિગમ દ્વારા ગરીબોને મદદરૂપ થઈ પ્લાસ્ટિક મુક્તિ અભિયાન સાથે સુંદર સામાજિક સંદેશ પહોંચાડવાનું કાર્ય ચિ. કવન અને તેના સહાધ્યાયીઓ દ્વારા કરવામાં આવી રહેલ છે.

ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ પરિવારના સભ્ય તરીકે ચિ. કવન દ્વારા કરવામાં આવી રહેલ પ્રવૃત્તિઓને બિરદાવવામાં આવે છે. માનવતા વાદી અભિગમ દ્વારા ઉચ્ચત્તમ માનવ મૂલ્યોને ઉજાગર કરવાની ભાવના સાથે યુજીવીસીએલ પરિવાર હૃદયપૂર્વક અભિનંદન પાઠવે છે અને ભવિષ્યમાં પણ આવા પ્રકારની કામગીરી દ્વારા સામાજિક સેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરૂં પાડતા રહેશે તેવી અપેક્ષા સાથે ખૂબ ખૂબ અભિનંદન પાઠવે છે. ■

# સાતમા 'વિશ્વ યોગ દિન'ની યુજીવીસીએલ દ્વારા ઉજવણી







તા. ૨૧મી જૂન ૨૦૨૧ના રોજ સાતમાં 'વિશ્વ યોગ દિન'ની ઉજવણીના ભાગરૂપે સાબરમતી વર્તુળ કચેરી ખાતે વૃક્ષારોપણ તેમજ નોવેલ કોવિડ-૧૯ સામે તકેદારીના ભાગરૂપે લડત આપવા સારું રસીકરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં સાબરમતી વર્તુળ અને વિભાગીય કચેરીના કર્મચારીઓ તથા સાબરમતી કેમ્પસમાં કોલોની ખાતે રહેતા યુજીવીસીએલ તથા જેટકોના કર્મચારી/અધિકારીઓ તેમજ તેમના પરિવારજનોએ ઉત્સાહભેર ભાગ લીધેલ. વૃક્ષારોપણ કાર્યક્રમ દરમ્યાન અત્રેના કેમ્પસ ખાતે સામાજિક વનીકરણ હેઠળ ચીકુ, સરગવો, લીંબુડી, બીલી, મીઠો લીમડો, અરડૂસી, આમળા વગેરેના આશરે ૧૦૦થી વધુ છોડ રોપવામાં આવેલ અને તેની માવજતની જવાબદારી પણ ઉપરોક્ત કર્મચારી/અધિકારીઓ તેમજ તેમના પરિવારજનો દ્વારા લેવામાં આવેલ. જે સાથે અત્રેની કચેરી દ્વારા પણ વૃક્ષોની માવજત અંગે નિરીક્ષણ કરવાનું તેમજ સમયાંતરે પરીક્ષણ કરીને વૃદ્ધિ અંગે નોંધ રાખવાનું નિર્ધારિત કરેલ.

વધુમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના આરોગ્ય વિભાગના સહયોગથી અત્રેની કચેરી ખાતે યોજવામાં આવેલ કોવિડ-૧૯ રસીકરણ કેમ્પમાં યુજીવીસીએલ અને જેટકોના કર્મચારીઓ તેમજ તેમના પરિવારના સભ્યો સાથે કુલ ૪૦ વ્યક્તિઓને રસી આપીને ખૂબ જ ઉત્સાહભેર 'વિશ્વ યોગ દિન'ની ઉજવણી કરવામાં આવેલ. ■

# હજાર મીટરથી વધારે ઊંચાઈવાળા ડુંગરા ઉપર યુજીવીસીએલને લગતા પ્રશ્નોની ચર્ચા





અરવલ્લીના પર્વતોની ટોચ ઉપર આશરે 1000 મીટરથી પણ વધુ ઊંચાઈએ આવેલું અને રાજસ્થાનની સીમાને અડીને યુજીવીસીએલનું શામળાજી સબડિવિઝન, ભિલોડા ડિવિઝન, હિંમતનગર વર્તુળ કચેરીનું છેલ્લું ગામ વસાયા કે જે અરવલ્લીની ગીરીમાળામાં આશરે 10 કિ.મી.માં છુટુ-છવાયું વસેલું ત્યાં અધિક્ષક ઈજનેર, શ્રી પી.સી. શાહ, કાર્યપાલક ઈજનેર, શ્રી કે.એચ. શાહ, શ્રીમતી કલ્પના જોષીયરા, નાયબ ઈજનેર (ટેક.) તેમજ સબડિવિઝનના નાયબ ઈજનેર, શ્રી જી.એસ. બજાત દ્વારા ડુંગરો ઉપર સરપંચ શ્રી શંકરભાઈ નિનામા તેમજ ગ્રામજનો સાથે રૂબરૂમાં મુલાકાત કરી યુજીવીસીએલને લગતા પ્રશ્નોની ચર્ચા કરેલ. ■

# સન્માન




તા. 25/6/2021ના રોજ કોરોના વોરિયર તરીકે પ્રસંશનીય કામગીરી બદલ શ્રી બી.એસ. પટેલ, નાયબ ઈજનેર, ઉંઝા સબડિવિઝનનું ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ, ઊંઝા અને નગરપાલિકા, ઊંઝા દ્વારા ધારાસભ્ય શ્રીમતી આશાબેન પટેલની ઉપસ્થિતિમાં મહેસાણા જિલ્લાના સામાજિક આગેવાન શ્રી જશુભાઈ પટેલ દ્વારા સન્માન કરવામાં આવેલ છે. ■

વીજ સલામતી ૨૦૨૦ની બુકલેટમાં મારી રચના પ્રસ્તુત કરવા બદલ ધન્યવાદ. ખૂબ જ જહેમત ઉઠાવી વીજ અકસ્માત અને એનાથી સંભવતઃ બચાવ બાબતે વિશદ છણાવટ કરેલ છે. અને છેલ્લે એક સત્ય ઘટનાના નિરૂપણ તો તમામ લાઈન સ્ટાફની આંખો ખોલવાનું કામ કર્યું. એક અદભૂત કાર્ય. ધન્યવાદ તમામ ટીમને.

**શ્રી શૈલેષ યાદવ,** નાયબ ઈજનેર, પ્રાંતિજ.

---

આપણું યુજીવીસીએલનો પ્રકાશિત થયેલો અંક એ ઉત્તર ગુજરાત વીજ કંપનીની ગૌરવ ગાથાનું પ્રતિક સમાન છે. સામાયિકમાં બહુ દળદાર અને ઝિણવટભરી માહિતીનો સમાવેશ કરવામાં આવ્યો છે. ખૂબ જ પ્રશંસનીય કામગીરી કંપની દ્વારા કરવામાં આવી છે અને મને એ પણ ગર્વ છે કે ભૂતકાળમાં હું પણ તે કામગીરીનો એક ભાગ હતો. ખૂબ જ સરસ નીરૂપણ અને પ્રશંસનીય કામગીરી આપના દ્વારા કરવામાં આવી છે. જે માટે આપને તથા સીસી સેલ ટીમને ખૂબ ખૂબ અભિનંદન અને શુભેચ્છાઓ.

**– શ્રી મિત્તેષ વૈષ્ણવ,** નાયબ અધિક્ષક (હિસાબ)

---

આપણું યુજીવીસીએલનો અંક નં. ૬૧ માહે એપ્રિલ-મે ૨૧નો ખૂબ જ સુંદર અને સરસ તેમજ રસપ્રદ છે. આ બાબતે આપની મહેનતને ખૂબ ખૂબ હાર્દિક અભિનંદન.

**– શ્રી આર.સી. પંડ્યા,**
ભૂતપૂર્વ નાયબ અધિક્ષક (વહિવટ) કલોલ

---

અંક ખૂબ જ સરસ બનાવ્યો છે અને કદાચ મારી દ્રષ્ટિએ સરકારી ઓફિસ દ્વારા આવો સુંદર અંક પહેલી વાર પ્રકાશિત થયો હશે.

**– શ્રી નરેશભાઈ ગુર્જર,**
નાયબ ઈજનેર, એ.એલ.ડી.સી., ગાંધીનગર

---

ખૂબ ખૂબ અભિનંદન. આપણું યુજીવીસીએલની આવૃત્તિ વાંચીને ખૂબ આનંદ થયો. હજી ઘણાં આગળ વધો, પ્રગતિ કરો તેવા મારા blessing છે. Very good.

**– શ્રી એસ.એસ. ગુપ્તા,** ભૂતપૂર્વ નાયબ ઈજનેર (સિવિલ).

---

Congratulations to UGVCL team for achieving awards for best performance in power distribution. Aapnu UGVCL-61.

**- Shri A.C. Patel,** Ex. Chief Engineer

---

Read "UGVCL NEWS LETTER 61 Edition" EXCELLENT. I will like to read booklet "Vij salamati book" mentioned in this news letter.

**- Shri Shubhashbhai Dave,** President,
Gandhinagar Jilla Chess Association,
Gandhinagar.

---

Very nice information and covered everything events of UGVCL...

**- Shri Rakeshbhai** Odd DE, Ranasan

---

I feel proud to see you with hon. Energy & Petroleum minister and Managing Director in same frame of picture. it is only due to your hard work, dedication and commitment toward your duty and file, you achieve. Wishing you more success in remaining time of your tenure.

**- Shri J. K. Chauhan,** Ex.Sr.Asst.

---

Truly and Honestly, You have done Good Job Sir... Truly Inspiring.

**- Shri R. R. Makwana,**
DE, Sanand Industrial

---

Keep doing amazing work... hate's off to ur consistent hardwork and dedication towards "AAPANU UGVCL" your dedication is inspirational.

**- Shri Jayrajsinh,**
UGVCL, Mehsana s/Dn.

---

Very useful and Creative information as well as coverage of all part of UGVCL with concrete information. It's only success of hard work all the best...

**- Shri R. R. Joshi,**
Retired Superintendent (Accounts),
Himmatnagar.

# સફળતાના સૂત્રધાર શ્રી આર.બી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેરને ગૌરવભેર વિદાય

૩૩ વર્ષની સફળ કારકિર્દી પૂર્ણ કરી વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ સફળતાના સૂત્રધાર શ્રી આર.બી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેરને ગૌરવભેર વિદાય તારીખ ૩૧-૦૫-૨૦૨૧ના રોજ આપવામાં આવેલ છે. આ પ્રસંગે કંપનીના મેનેજિંગ ડિરેક્ટર શ્રી મહેશ સિંઘ, મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ, કંપની સેક્રેટરી શ્રી એન.એમ. જોશી, ઈન્ચાર્જ જનરલ મેનેજર (ફાઈનાન્સ) શ્રી રાજેન્દ્ર જૈન, વિશેષ મુખ્ય ઈજનેર (ટેક.) શ્રી જે.કે. દરજી, વિશેષ મુખ્ય ઈજનેર (પી.) શ્રી જી. એચ. એન્જિનીયર, વિશેષ મહાપ્રબંધક (એચ.આર.) શ્રી એ.સી. પ્રજાપતિ તેમજ કંપનીના ઉચ્ચઅધિકારીઓ ઉપસ્થિત રહેલ.





શ્રી આર.બી. પટેલનું આજીવન યશસ્વી કામગીરી માટે વિશેષ સમ્માન આપીને શાલ અર્પણ કરવામાં આવેલ તેમજ મોમેન્ટો આપવામાં આવેલ અને નિવૃત્તિ બાદના શેષ જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

૧૯૬૩માં મહેસાણા જિલ્લામાં જન્મેલ શ્રી આર.બી. પટેલે બી.ઈ ઇલેક્ટ્રિકલની પરીક્ષા ડીસ્ટીકશન સાથે પાસ કર્યા બાદ અગાઉના જીઈબી અને હાલના યુજીવીસીએલમાં જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દીની શરૂઆત કરેલ. વર્ષ ૨૦૦૯માં એનર્જી ઓડીટરની પરીક્ષા ડીસ્ટીકશન સાથે પાસ કરેલ. ટ્રાન્સમીશન અને ડિસ્ટ્રિબ્યુશન અને વિવિધ યોજનાઓના નિરિક્ષણનો બહોળો અનુભવ ધરાવનાર શ્રી પટેલ દ્વારા ડિસ્કોમ વ્યવસાય સાથે સબંધિત ઘણી વસ્તુઓમાં તકનિકી નવીનીકરણોના વિકાસ માટેની ટીમના સભ્ય તરીકે કામ કરેલ છે. ટ્રાન્સફોર્મર્સ, એનર્જી મીટર, આરએમયુ, સંદેશાવ્યવહાર વાળી ૧૧ કેવી કેપેસીટર બેંકો, કેબલ્સ, સોલર સિસ્ટમ, તેના સંદેશાવ્યવહાર સોફ્ટવેર સાથે તેમણે વિવિધ ઉપકરણો સ્વતંત્ર રીતે વિકસિત કર્યા છે. જેમકે સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મર (એસડીટી), પ્લાન્ટ લોડ મેનેજમેન્ટ ટ્રાન્સફોર્મર (પીએલએમટી), એચટી મીટરીંગ ક્યુબીકલ, એચટીબીએસ.

શ્રી પટેલ દ્વારા ટ્રાન્સફોર્મર ફેઈલીયર રેટ ઘટાડવા તેમજ ટ્રાન્સફોર્મર મેઈન્ટેનન્સ ખર્ચ ઘટાડવા બાબતે કરવામાં આવેલ "સૂચન યોજના" અંતર્ગત આવેલ સૂચનોની ચકાસણી માટે તથા શ્રેષ્ઠ સૂચનોના અમલ માટે નીતિ ઘડવામાં અત્યંત મહત્ત્વના કાર્યમાં આપવામાં આવેલ અમૂલ્ય પ્રદાન બદલ ગુજરાત ઊર્જા વિકાસ નિગમ લિમિટેડ દ્વારા સન્માનિત કરવામાં આવેલ છે.

શ્રી પટેલને જીયુવીએનએલ દ્વારા ડિસ્ટ્રિબ્યુશન ટ્રાન્સફોર્મર, ભારતીય માનક બ્યુરોના ધોરણે દિલ્હીની આઇએસ કમિટીમાં સભ્ય તરીકે નામાંકિત કરવામાં આવ્યા છે. કૃષિ ફાર્મમાં સિંગલ ફેઝ વીજ પુરવઠા માટે સ્પેશિયલ ડિઝાઇન્ડ ટ્રાન્સફોર્મરની શોધ માટે તેમને ૨૦૧૪માં આઈકાન નેશનલ એવોર્ડથી નવાજવામાં આવ્યા છે. વર્ષ ૨૦૦૮માં ટ્રાન્સફોર્મર રીપેરીંગ ખર્ચ ઘટાડવા માટે, તેમને જેટકો દ્વારા ઇડર નજીક ૨૨૦ કે.વી. માથાસુરની વહેલી તકે કામગીરી શરૂ કરવા બદલ એવોર્ડ પણ મળ્યો હતો. ગુજરાત પાવર રીસર્ચ એન્ડ ડેવલોપમેન્ટ સેલના વડા તરીકે તેમજ ઇન્ચાર્જ મુખ્ય ઈજનેર (ટેક.) તરીકે સફળતાપૂર્વક ફરજ બજાવેલ છે. વિશેષ મુખ્ય ઈજનેર તરીકે તેઓને બઢતી આપવામાં આવેલ અને તા. ૨૬-૦૫-૨૦૨૧થી માનનીય ઊર્જા મંત્રીશ્રી, ગુજરાત રાજ્યના કાર્યાલય ખાતે ખાસ ફરજ પરના અધિકારી તરીકે હુકમ કરવામાં આવેલ.

શ્રી આર.બી. પટેલ, વિશેષ મુખ્ય ઈજનેર તરીકે નિવૃત્ત થતા યુજીવીસીએલ પરિવાર તેમના શેષ જીવન માટે શુભકામનાઓ પાઠવે છે. ■

## ફોટો ગેલેરી



*સોરઠની શાન, ગુજરાતની પહેચાન,*
*પ્રકૃતિનો શણગાર, સાવજોનો પાલનહાર*
*કાઠીયાવાડની ભાતીગળ સંસ્કૃતિનો સંચાર,*
*ચારણોની કવિતાઓનો આધાર*
*સંતો- અઘોરીઓનો છે જ્યા વાસ, બ્રહ્મા-*
*વિષ્ણુ-મહેશનાંસમાવેશ એવા ભગવાન*
*દતાત્રેયનું એ ધામ*
*સત સત નમીએ તુજને ગિરનાર*
***- શ્રી મહર્ષિ શ્રીમાળી, જુનિયર એન્જિનીયર***
*(આઇટી) EMC, ગાંધીનગર*

# વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા શ્રી એલ.એફ. ડાભી, અધિક્ષક ઈજનેરને ગૌરવભેર વિદાય

૩૨ વર્ષની લાંબી સફળ કારકિર્દી પૂર્ણ કરી વયમર્યાદાને લીધે નિવૃત્ત થઇ રહેલ શ્રી એલ.એફ. ડાભી, અધિક્ષક ઈજનેરને ગૌરવભેર વિદાય તા. ૩૦-૦૬-૨૦૨૧ના રોજ આપવામાં આવેલ છે. આ પ્રસંગે મુખ્ય ઈજનેર (ઓપરેશન) શ્રી પી.બી. પંડ્યા, મુખ્ય ઈજનેર (પી.) શ્રી વી.એમ. શ્રોફ તેમજ કંપનીના ઉચ્ચઅધિકારીઓ ઉપસ્થિત રહેલ.

શ્રી એલ.એફ. ડાભીનું આજીવન યશસ્વી કામગીરી માટે વિશેષ સમ્માન આપીને શાલ અર્પણ કરવામાં આવેલ તેમજ મોમેન્ટો આપવામાં આવેલ અને નિવૃત્તિ બાદના શેષ જીવન માટે શુભેચ્છાઓ પાઠવવામાં આવેલ.

સાબરકાંઠા જીલ્લાના વિજયનગરના વતની શ્રી એલ.એફ. ડાભીએ બી.ઈ ઇલેક્ટ્રિકલની પરીક્ષા પાસ કર્યા બાદ



અગાઉના જીઈબીના જેટકો અને હાલના યુજીવીસીએલમાં જુનિયર ઈજનેર તરીકે પોતાની કારકિર્દીની દિયોદર ખાતેથી શરૂઆત કરેલ.

તારીખ ૦૯-૦૧-૧૯૯૧ના રોજ હિંમતનગર ખાતે બદલી મેળવ્યા બાદ તારીખ ૧૮-૧૧-૧૯૯૩ના રોજ ગોંડલ ખાતે નાયબ ઈજનેર તરીકે બઢતી પ્રાપ્ત કરેલ. નાયબ ઈજનેર તરીકે ગોંડલ, ઇડર, આગિયોલ, મોડાસા, વિજયનગર અને ઇડર વિભાગીય કચેરી, સાઠંબા સબ-ડિવિઝન ખાતે ફરજ બજાવ્યા બાદ તારીખ ૨૩-૦૩-૨૦૧૨ના રોજ કાર્યપાલક ઈજનેર તરીકે પાલનપુર સર્કલ ખાતે પોતાની ફરજ પર હાજર થયેલ ત્યારબાદ ઇડર વિભાગીય કચેરીમાં બદલી મેળવેલ. તા. ૦૪-૦૭-૨૦૧૭ના રોજ તેઓને અધિક્ષક ઈજનેર તરીકે બઢતી મળેલ. તા. ૨૪-૦૬-૨૦૧૯થી નિવૃત્તિ સમય સુધી કંપની હિતમાં રજીસ્ટર્ડ એન્ડ કોર્પોરેટ ઓફિસમાં સફળતા પૂર્વક પોતાની કારકિર્દી પૂર્ણ કરેલ છે.

શ્રી એલ.એફ. ડાભી અધિક્ષક ઈજનેર તરીકે વયમર્યાદાને લીધે નિવૃત્ત થતા યુજીવીસીએલ પરિવાર તેમના નિવૃત્તિ બાદના શેષ જીવન માટે સુખશાંતિ અને સમૃદ્ધીમય જીવન માટે શુભકામનાઓ પાઠવે છે. ■



લઈ નિર્ધાર મનમાં પાકો, અંગ્રેજ રાજને લૂણો લગવવા,
ચાલ્યો એક જવાન ડોસલો, આઝાદીનો ઘૂણો ધખવવા.
વાળી ગાંઠ સ્વતંત્રતાની, દેશનો ખૂણે ખૂણો ગજવવા,
ચાલ્યો એક જવાન ડોસલો, આઝાદીનો ઘૂણો ધખવવા.
નિકળી પડ્યો એકલપંડે, તૈયાર કમોતે પ્રાણ ખપવવા,
ચાલ્યો એક જવાન ડોસલો, આઝાદીનો ઘૂણો ધખવવા.
સ્વદેશીની લડત ઉપાડી, ચાલ્યો દેશનો પ્રાણ જગવવા,
ચાલ્યો એક જવાન ડોસલો, આઝાદીનો ઘૂણો ધખવવા.

– **શ્રી ધીરેન શાહ,** અંગત સચિવ,
માનનીય ઊર્જા રાજ્ય મંત્રી, ગુજરાત સરકાર

## હાઈકુ

કહેતી હતી
ચરણોમાં રહીશ
હવે રાખે છે.

– **શ્રી એસ.બી. લીમ્બાચીયા**
ડી.ઇ.આર.એસ.ઓ. (રીટાયર્ડ), મહેસાણા

## પ્રતિભાવ

ખૂબ જ સુંદર આપણા યુજીવીસીએલના માધ્યમ થકી જોડાયેલા રહીશું.

– **શ્રી બાબુભાઈ ભરટીયા**

---

સર હું ખૂબ જ આનંદ અનુભવું છું કે તમારી સાથે મુલાકાત થઈ, હું તમને અને તમારા કાર્યને દિલથી બિરદાવું છું. ખૂબ ખૂબ અભિનંદન.

– **શ્રી વી. ડી. મકવાણા,**
**નાયબ ઈજનેર, ઉકાઇ ટીપીએસ**

---

Great! Congrats your work is on the Sky High!

**- Shri H.B. Patel,** Ex. Talod

## કાવ્યધારા

વરઘોડાને ઉત્સવોના હતા મેળા,
આજ રોડ પર એમ્બ્યુલન્સના ટોળા.
તારાંજ કર્મો તને લઈ ડુબવાના,
પંડમાં પડ્યા છે કપટના પોળાં..
પડીકે બાંધી વેચી છે કોઈની મજબુરીયો,
માટે જ ઇશ્વરે માર્યા આજ શ્વાસને તાળાં..
બસ કર થંભી જા! પ્રકૃતિનું કર જતન,
નહીંતર તારાના જ હશે ફરી વાળાં..

– **શ્રી સંદીપ ચૌધરી** (સંભાવ),
નડિયાદ, એમજીવીસીએલ




**આપણું યુજીવીસીએલ**

આ અંક આપને કેવો લાગ્યો?
આપનાં સૂચનો કે પ્રકાશન માટેની માહિતી, લેખ, કાવ્યો વગેરે આપ બાજુનાં ઈમેઈલ આઈડી પર મોકલી શકો છો.

cccell@ugvcl.com
sanaik_41262@yahoo.co.in
sanaik41262@gmail.com